# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 11-09-2026 I VOL : 12 I Issue : 176 I Page : 8 I Price : 1.00/-


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

જીવનમાં સતત આગળ વધો. દરેક દિવસને શ્રેષ્ઠ બનાવો.


3  ગાંધીનગર સ્લેબ દુર્ઘટના: ભ્રષ્ટાચારના સ્લેબ હેઠળ દબાયું માનવતાનું લોહી...

4  ભારતે નેપાળ માટે 8મી વખત રાહત સામગ્રીનો જથ્થો મોકલ્યો

6  ભોજપુરી અભિનેત્રી આકાંક્ષા પુરીએ સોશિયલ મિડિયાનો તાપમાન વધાર્યો

7  ઈન્ડિયાને મોટો ઝટકો, સ્ટાર બોલર અફઘાન સીરિઝમાંથી બહાર


## એક નજર...

### અભિનેત્રી મેઘા શુક્લાએ સાડી અને ડીપનેક બ્લાઉઝમાં આપ્યા ગ્લેમરસ પોઝ



અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે અને અવારનવાર તેની કિલર તસવીરો શેર કરીને ચાહકોને દિવાના બનાવે છે. હાલમાં જ, મેઘા શુક્લાએ બોલ્ડ પોઝ આપતી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેણે ઈન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. આ તસવીરોમાં તેનો બોલ્ડ અને હોટ અંદાજ જોઈને ચાહકો ચોંકી ગયા છે.

## ભારત પાસે 190 પરમાણુ હથિયારો, નવી મિસાઇલો સાથે સમુદ્રમાં બનાવી રહ્યું છે 'ન્યુક્લિયર કવચ'

# ભારતની પરમાણુ તાકાત વધી: અમેરિકન રિપોર્ટ

નવી દિલ્હી

ભારત પાસે 190 પરમાણુ હથિયારો છે. તેમાંથી 160થી વધુ હથિયારો એવી મિસાઈલો અને અન્ય સિસ્ટમ્સ માટે તૈયાર છે, જે પરમાણુ હુમલો કરવામાં સક્ષમ છે. આ માહિતી અમેરિકન થિંક ટેન્ક ફેડરેશન ઓફ અમેરિકન સાયન્ટિસ્ટ્સ (FAS)ના નવા રિપોર્ટમાં સામે આવી છે. રિપોર્ટ મુજબ, ભારત પાસે 225 વધુ પરમાણુ હથિયારો બનાવવા માટે પ્લુટોનિયમ પણ છે. આ ઉપરાંત, તે સમુદ્રમાં 'ન્યુક્લિયર કવચ' પણ બનાવી રહ્યું છે. ભારત સતત પોતાની પરમાણુ શક્તિને આધુનિક બનાવી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણા નવા પરમાણુ સક્ષમ હથિયારો સેનામાં સામેલ કરવામાં આવ્યા છે. જ્યારે, કેટલીક નવી હથિયાર સિસ્ટમ્સ હજુ તૈયાર કરવામાં આવી રહી છે. FASનો અંદાજ છે કે આવનારા સમયમાં ભારતના પરમાણુ હથિયારોની સંખ્યા વધી શકે છે. રિપોર્ટ અનુસાર, 2026ની શરૂઆત સુધીમાં ભારત પાસે લગભગ 730



કિલો હથિયાર બનાવતું પ્લુટોનિયમ હોવાનો અંદાજ છે. આ રીતે તે 225 વોરહેડ્સ સુધી બનાવી શકે છે. જોકે, રિપોર્ટ પોતે સ્પષ્ટ કરે છે કે આ માત્ર એક અંદાજ છે, વાસ્તવિક સંખ્યા વોરહેડની ડિઝાઈન અને રિઝર્વમાં રાખેલી સામગ્રી પર આધાર રાખે છે. ભારતે અગ્નિ-Vમાં MIRV ટેકનોલોજીનું પરીક્ષણ કર્યું છે. આનો અર્થ એ છે કે એક મિસાઈલમાં અનેક વોરહેડ્સ લઈ જવાની ક્ષમતા વિકસાવવી, જેને અલગ-અલગ લક્ષ્યો તરફ મોકલી શકાય છે. 2024 પછી મે 2026માં પણ અનેક પેલોડ્સ સાથે પરીક્ષણ થયું. FASનો અંદાજ છે કે અગ્નિ-V સંભવતઃ ત્રણ વોરહેડ્સ લઈ જઈ શકે છે, જોકે આમ કરવાથી તેની મહત્તમ રેન્જ પ્રભાવિત થઈ શકે છે.

## લદ્દાખ મુદ્દે સોનમ વાંગચુકની ચેતવણી: કહ્યું- જો સરકાર તરફથી ખાતરી નહીં મળે તો 19થી 24 સપ્ટેમ્બર સુધી આંદોલન કરીશું

લદ્દાખ

લદ્દાખના કાર્યકર્તા સોનમ વાંગચુકે લેહ અને કારગિલના નેતાઓની બુધવારે દિલ્હીમાં યોજાયેલી બેઠક પર નિરાશા વ્યક્ત કરી. વાંગચુકે કહ્યું કે જો લદ્દાખના મુદ્દે સરકાર તરફથી કોઈ નક્કર ખાતરી નહીં મળે તો 19થી 24 સપ્ટેમ્બર સુધી ફરી આંદોલન કરશે.

તેમણે વાતચીતમાં કહ્યું- અમને સરકાર પર ભરોસો છે તેથી દર વખતે સરકાર સાથે વાતચીત કરવા આવીએ છીએ. આશા છે કે આ ભરોસો તૂટે નહીં. વાંગચુકે કહ્યું કે દિલ્હીમાં બેઠક ખૂબ સારા વાતાવરણમાં થઈ પરંતુ તેમાંથી કંઈ નિષ્કર્ષ નીકળ્યો નહીં. ચાર મહિના પહેલા જે નિર્ણયો થયા હતા, તેને જ પુનરાવર્તિત કરવામાં આવ્યા. કોઈ નવો પ્રસ્તાવ આવ્યો નહીં અને લદ્દાખની માંગણીઓ પર પણ સરકારે કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો નહીં. આ પહેલા તેમણે X પર લખ્યું- આજે અમને પ્રખ્યાત કોમેડિયન જસપાલ ભટ્ટીની મીટિંગ્સ યાદ આવી રહી છે. જેમ કે અમે અનુમાન લગાવ્યું હતું, 9 સપ્ટેમ્બરે થયેલી આ મીટિંગ લદ્દાખનું ધ્યાન 10 સપ્ટેમ્બરથી શરૂ થનારી મોટી લેહથી કારગિલ પદયાત્રા માર્ચથી હટાવવા માટે માત્ર એક ગેરમાર્ગે દોરનારી વાત લાગી રહી છે. દુર્ભાગ્યે વિશ્વાસ ઓછો થઈ રહ્યો છે અને અવિશ્વાસ વધી રહ્યો છે. સપ્ટેમ્બર 2025માં આંદોલન દરમિયાન હિંસા ભડકી લદ્દાખને રાજ્યનો દરજ્જો આપવાની માંગને લઈને સોનમ વાંગચુકે સપ્ટેમ્બર 2025માં આંદોલન કર્યું હતું.

## મુંબઈ-ગોવા હાઈવેનું કામ 2016માં પૂરું કરવાનું હતું, હજુ સુધી થયું નથી, શરમ આવે છે મને: નીતિન ગડકરી

નવી દિલ્હી

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ મુંબઈ-ગોવા હાઈવેના વિસ્તરણમાં થઈ રહેલા વિલંબ પર નારાજગી



વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે પ્રોજેક્ટમાં એટલો વિલંબ થયો છે કે તેમને શરમ આવે છે. ગડકરીએ એમ પણ કહ્યું કે હાઈવે પૂરો થયા પછી યોજાનારા ઉદ્ઘાટન કાર્યક્રમમાં તેઓ જશે નહીં. મુંબઈ-ગોવા હાઈવેનું વિસ્તરણ લાંબા સમયથી ચાલી રહ્યું છે. ગડકરીના મતે તેનું લગભગ 93-94% કામ પૂર્ણ થઈ ગયું છે. 93-94% કામ પૂર્ણ, છતાં ઘણી જગ્યાએ મુશ્કેલીઓ મુંબઈ-ગોવા હાઈવેના લગભગ 440 કિલોમીટર લાંબા ભાગમાં કામ પૂર્ણ થયા છતાં ઘણી જગ્યાએ ખાડા, પાણી ભરાવા, સમારકામ અને ટ્રાફિક જામ જેવી સમસ્યાઓ સામે આવી રહી છે. હાલના વરસાદ પછી નવા બનેલા કેટલાક ભાગોમાં રોડ ખરાબ થવાની ફરિયાદો પણ મળી છે. હાઈવે પર મે મહિનામાં ખારપાડા ટોલ પ્લાઝા પર ટોલ શરૂ થઈ ગયો હતો. તેમ છતાં, પ્રોજેક્ટના કેટલાક ભાગોમાં કામ અને સુધારણા ચાલુ છે.

## પી. ચિદમ્બરમે દિમાગી નક્સલી અને નારાજ ફુફા ટિપ્પણી પર પલટવાર કર્યો

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા પી. ચિદમ્બરમે પીએમ મોદીએ કરેલી દિમાગી નક્સલી અને નારાજ ફુફા જેવી ટિપ્પણી પર વળતો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે મને દિમાગી નક્સલી હોવા પર ગર્વ છે. તેમજ નારાજ ફુફા અંગે જણાવ્યું કે તે નિરર્થક છે. વડાપ્રધાન મોદીને સ્વ-ઘોષિત કવિ ગણાવ્યા તેમણે વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન ઘણી વાર નવા શબ્દો આપે છે. જે સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બને છે. તેમણે વડાપ્રધાન મોદીને સ્વ-ઘોષિત કવિ ગણાવતા કહ્યું કે તે ગુજરાતીમાં કવિતાઓ લખે છે અને નવા શબ્દો અને સૂત્રો બનાવે છે. ચિદમ્બરમના જણાવ્યા મુજબ, વડાપ્રધાને પહેલા 'અચ્છે દિન આને



વાલે હૈ' જેવા સૂત્રો રજૂ કર્યા હતા અને છેલ્લા 12 વર્ષમાં લગભગ 20 થી 25 સૂત્રો બનાવ્યા છે. તેમજ દિમાગી નક્સલી અને નારાજ ફુફા આ કડીમાં નવા શબ્દો છે. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાનની ટિપ્પણી સોશિયલ મીડિયા પર, ખાસ કરીને જેન ઝી વચ્ચે ચર્ચાનો વિષય બની રહી છે. તેમણે દાવો કર્યો હતો કે દિમાગી નક્સલી અને નારાજ ફુફા શબ્દોની આસપાસ અસંખ્ય મીમ્સ બનાવવામાં આવી રહ્યા છે.

## NEWS TRACK

### BRICS સમિટ: 7 વર્ષ બાદ ભારત આવશે શી જિનપિંગ; પુતિન-પેઝેશ્કિયાન પણ બનશે મહેમાન

ગલવાન સંઘર્ષ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધો વચ્ચે જે તિરાડ પડી હતી તે બાદ હવે બ્રિક્સ સમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિમંત્રણ પર ચીનના પ્રમુખ શી જિનપિંગ સાત વર્ષ પછી ભારતની મુલાકાતે આવી રહ્યા છે. ચીનના વિદેશ મંત્રાલયે આજે સત્તાવાર જાહેરાત કરી છે કે શી જિનપિંગ 12 અને 13 સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાનારી 18મી BRICS સમિટમાં ભાગ લેશે. આટલું જ નહીં બ્રિક્સ સમિટની સાથે 12 સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ચીનના પ્રમુખ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાય તેવી પણ પ્રબળ શક્યતાઓ છે. નોંધનીય છે કે આ અગાઉ કિર્ગિસ્તાનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ દરમિયાન બંને દેશના વડાઓએ મંચ શેર કરીને હાથ મિલાવ્યા હતા, પરંતુ કોઈ સત્તાવાર દ્વિપક્ષીય બેઠક થઈ નહોતી. તે ઉપરાંત ઓક્ટોબર 2024માં રશિયાના કઝાન ખાતે BRICS સમિટ દરમિયાન બંને વચ્ચે મુલાકાત થઈ હતી.

### ઈરાન સંઘર્ષ વચ્ચે વધુ એક મોટું સંકટ! મોચા શહેર પર હૂતીઓનો કબજો, સાઉદી સરહદે ભીષણ અથડામણ

યમનમાં ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહીઓએ લાલ સમુદ્રના અત્યંત મહત્વપૂર્ણ બંદર શહેર મોચા પર કબજો જમાવી લીધો છે. યમન સરકારના 3 અધિકારીઓએ આ વાતની પુષ્ટિ કરી છે. મોચા શહેર બાબ-અલ-મંદેબ સ્ટ્રેટથી 50 માઈલ કરતા પણ ઓછા અંતરે આવેલું છે. ગુરુવારે સવારે યમનની સરકારી સેના પાછળ હટી ગઈ હતી અને હૂતી લડવૈયાઓ આગળ વધી ગયા હતા. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર પણ શહેરની અંદર હૂતી લડવૈયાઓની હાજરી દર્શાવતા તસવીરો અને વીડિયો સામે આવ્યા છે. મોચા પર આ કબજો હૂતીઓ માટે એક મોટી સફળતા માનવામાં આવે છે. આનાથી લાલ સમુદ્ર અને બાબ-અલ-મંદેબ વિસ્તારમાં તેમનો પ્રભાવ વધુ મજબૂત બની શકે છે. જોકે, હૂતીઓ સામે લડી રહેલા નેશનલ રેઝિસ્ટન્સ ફ્રન્ટે જણાવ્યું છે કે તેના એક કમાન્ડર લશ્કરી ટુકડી સાથે ગુરુવારે સવારે મોચામાં દાખલ થયા છે. સંગઠને સ્પષ્ટતા કરી છે કે એન્ટી-હૂતી ગઠબંધન સાથે મળીને મોચાની સુરક્ષા વ્યવસ્થા ફરીથી ગોઠવવા અને તેને મજબૂત બનાવવાનું કામ ચાલી રહ્યું છે.

# કુડાસણમાં નિર્માણાધીન બિલ્ડિંગનો સ્લેબ ધરાશાયી: ભ્રષ્ટ તંત્ર અને બિલ્ડરની ઘોર બેદરકારીથી માસુમોનો જીવ જોખમમાં !

## શું નગરપાલિકા-સરકાર કડક પગલાં ભરશે કે ભ્રષ્ટાચારના કાટમાળ નીચે સત્ય દબાઈ જશે?

ગાંધીનગર/કુડાસણ

ગાંધીનગરના હાર્દસમા કુડાસણ વિસ્તારમાં આવેલી 'બોસ્કી ધ એમ્પાયર' નામની નિર્માણાધીન કમર્શિયલ સાઈટ પર બે બ્લોક વચ્ચેનો ભારેખમ સ્લેબ ધડાકાભેર ધરાશાયી થતાં સમગ્ર રાજ્યમાં અરેરાટી વ્યાપી ગઈ છે. સ્લેબ તૂટી પડતાં જ કાન ફાડી નાખે તેવો અવાજ થયો હતો અને ધૂળની ડમરીઓ વચ્ચે શ્રમિકોની ચીસાચીસથી વિસ્તાર ગૂંજી ઊઠ્યો હતો. આ ભયાનક દુર્ઘટનામાં ૧૫થી વધુ શ્રમિકો કાટમાળ હેઠળ દટાયા હતા, જેમને મોડી રાત સુધી ચાલેલા NDRF, SDRF અને ફાયર વિભાગના યુદ્ધના ધોરણે રેસ્ક્યૂ ઓપરેશન બાદ બહાર કાઢી સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે.

### જો બિલ્ડિંગ બન્યા પછી દુર્ઘટના ઘટી હોત તો?

સૌથી મોટો અને ભયાનક સવાલ એ ઊભો થાય છે કે, જો આ સ્લેબ બિલ્ડિંગનું નિર્માણ પૂરું થયા બાદ અને દુકાનો કે ઓફિસો ધમધમતી થયા પછી તૂટી પડ્યો હોત તો કેટલી મોટી માનવ ખુવારી થઈ હોત? સેંકડો નિર્દોષ નાગરિકોના જીવ હોમાઈ ગયા હોત! આ ઘટનાએ બિલ્ડિંગના બાંધકામની ગુણવત્તા, વપરાયેલા મટીરિયલ અને સ્ટ્રક્ચરલ ડિઝાઈન સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

### સિન્ડિકેટ અને નેતાઓનું રાજ? જવાબદારો સામે સાપરાધ માનવવધ (મનુષ્યવધ)નો ગુનો નોંધવા બુલંદ માંગ!


### નગરપાલિકાના પૂર્વ પ્રમુખની સ્કીમ અને સત્તાધારી પક્ષ સાથેના જોડાણના આક્ષેપ

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ લોહિયાળ બેદરકારીવાળી સ્કીમ પેથાપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને ભાજપ સાથે સંકળાયેલા બિલ્ડર નિલેશ મોદીની હોવાનું સામે આવ્યું છે. વિરોધ પક્ષ દ્વારા સણસણતા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે કે સત્તાધારી ભાજપના નેતાઓની ભાગીદારી અને રાજકીય છત્રછાયાના કારણે જ નિયમોના ધજાગરા ઉડાડીને નબળું બાંધકામ કરવામાં આવી રહ્યું હતું. નેતાઓના ખિસ્સા ભરાય છે અને ગરીબ શ્રમિકો તથા સામાન્ય જનતાનો જીવ દાવ પર લાગે છે!

### શું નગરપાલિકા અને તંત્રની કોઈ જવાબદારી નથી?

નગરપાલિકા અને મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગની પ્રાથમિક જવાબદારી હોય છે કે બાંધકામ પ્લાન મુજબ થાય છે કે નહીં અને મટીરિયલની ગુણવત્તા યોગ્ય છે કે નહીં તેની સમયાંતરે તપાસ કરે. પરંતુ અધિકારીઓની મિલિભગત અને 'હપ્તાખોરી'ના કારણે આવા ગેરકાયદે અને નબળા બાંધકામોને આંખ આડા કાન કરીને મંજૂરીઓ આપી દેવાય છે.

### જનતાની માંગ: કાગળ પર નહીં, રોડ પર સખત કાર્યવાહી કરો!



વિરોધ પક્ષ અને સ્થાનિક જનતામાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. માંગ કરવામાં આવી રહી છે કે માત્ર કોન્ટ્રાક્ટર કે ના નાના કર્મચારીઓને બલીનો બકરો બનાવવાના બદલે:

૧. આ સ્કીમના મુખ્ય બિલ્ડર અને ભ્રષ્ટ જવાબદાર અધિકારીઓ સામે આઈપીસી/ભારતીય ન્યાય સંહિતા હેઠળ સાપરાધ માનવવધ (મનુષ્યવધ) નો ગુનો દાખલ કરવામાં આવે.

૨. આ પ્રોજેક્ટની પ્લાનિંગ પરમિશન રદ કરી તુરંત સીલ કરવામાં આવે.

૩. કૌભાંડમાં સામેલ નેતાઓ અને અધિકારીઓની મિલકતોની તપાસ થાય.

**સરકારે હવે ટાળમટોળ નીતિ છોડીને તાત્કાલિક અને ઘાતક પગલાં ભરવા જ પડશે, નહીંતર 'પાક્કો ગુજરાત' તંત્રના આ ભ્રષ્ટ ચહેરાઓને જનતા સામે ખુલ્લા પાડવાનું ચાલુ રાખશે!**


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## સુરતમાં 'ડિજિટલ અરેસ્ટ'નો મોટો ધડાકો: મહારાષ્ટ્રના સીમકાર્ડ અને મની લોન્ડરિંગના નામે દંપતીને 5 દિવસ બંધિયાર રાખી ₹13 લાખ પડાવ્યા!

**સુરત**

હીરાનગરી સુરતમાં સાયબર ક્રાઈમની એક ચોંકાવનારી અને આંચકાજનક ઘટના સામે આવી છે. સુરતના એક કોમ્પ્યુટર ઓપરેટર અને તેમની પત્નીને શાતિર ગઠિયાઓએ મની લોન્ડરિંગ અને ગેરકાયદેસર સીમકાર્ડના નામે ડરાવી-ધમકાવીને સતત 5 દિવસ સુધી 'ડિજિટલ અરેસ્ટ' (Digital Arrest) રાખી રૂ. 13 લાખથી વધુની જંગી રકમ પડાવી લીધી છે. મળતી માહિતી મુજબ, પીડિત કોમ્પ્યુટર ઓપરેટર પર એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. સામેવાળા વ્યક્તિએ દાવો કર્યો હતો કે તેમના નામે મહારાષ્ટ્રમાંથી ખરીદાયેલા સીમકાર્ડનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને મની લોન્ડરિંગના મોટો ગુનામાં થયો છે. આરોપીઓએ પોતાને સીબીઆઈ (CBI) અને ઉચ્ચ પોલીસ અધિકારી તરીકે ઓળખાવીને દંપતીને એરેસ્ટ વોરંટ અને જેલની ધમકી આપીને સંપૂર્ણપણે ભયના ઓટલા નીચે ધકેલી દીધા હતા.

ગઠિયાઓએ દંપતીને માનસિક રીતે એટલા ડરાવી દીધા હતા કે તેઓ ઘરની બહાર ન નીકળે અને કોઈનો સંપર્ક ન કરે તે માટે તેમને વીડિયો કોલ પર સતત નજર હેઠળ રાખવામાં આવ્યા હતા.

## ઉના ST ડેપોમાં દારૂનો વીડિયો વાયરલ! : વાયરલ વીડિયોમાં દેખાતો શખ્સ ST બસનો ડ્રાઇવર હોવાનો ખુલાસો

**ઉના**

ઉના ST ડેપોને લઈને એક ચોંકાવનારો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ખળભળાટ મચી ગયો છે. વાયરલ વીડિયોમાં એક શખ્સ દારૂ સાથે જોવા મળતો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે વીડિયોમાં દેખાતો શખ્સ ST બસનો ડ્રાઈવર હોવાનો ખુલાસો થયો હોવાની માહિતી સામે આવી છે.

વીડિયો સામે આવ્યા બાદ ST વિભાગની કામગીરી અને કર્મચારીઓની જવાબદારી સામે અનેક સવાલો ઊભા થયા છે. જો ખરેખર ફરજ સાથે સંકળાયેલો ડ્રાઈવર દારૂના મામલે વીડિયોમાં જોવા મળ્યો હોય, તો આ બાબત માત્ર એક કર્મચારી પૂરતી મર્યાદિત ન રહેતા મુસાફરોની સુરક્ષા સાથે પણ સીધી રીતે જોડાય છે. ST બસમાં દરરોજ મોટી સંખ્યામાં મુસાફરો મુસાફરી કરે છે. ડ્રાઈવરની એક નાની ભૂલ પણ મુસાફરોના જીવને જોખમમાં મૂકી શકે છે. આવી સ્થિતિમાં ફરજ પર રહેલા કર્મચારી દ્વારા દારૂનું સેવન કરવામાં આવ્યું હોય અથવા દારૂ સાથે કોઈ પ્રકારની સંડોવણી સાબિત થાય, તો સમગ્ર મામલો ગંભીર બની જાય છે. જોકે વાયરલ વીડિયો અંગેના તમામ દાવાઓની સત્તાવાર પુષ્ટિ અને વીડિયોમાં દેખાતા શખ્સની ચોક્કસ ભૂમિકા અંગે સત્તાવાર તપાસ જરૂરી છે. હવે સૌથી મોટો સવાલ એ છે કે વાયરલ વીડિયો સામે આવ્યા બાદ ST વિભાગ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે?

## પત્રકારોની કલમ સાથે પ્રકૃતિ સંરક્ષણનો અનોખો સંકલ્પ : ખેડા જિલ્લામાં રાજ્યનું પ્રથમ 'પત્રકાર વન', 211 રોપાઓથી પર્યાવરણ જતનનો સંદેશ

**નડિયાદ**

પત્રકારની કલમ સમાજમાં જાગૃતિ લાવવાનું કામ કરે છે અને હવે આ જ કલમ સાથે પ્રકૃતિ સંરક્ષણનો સંકલ્પ પણ જોડાયો છે. ખેડા જિલ્લામાં રાજ્યનું પ્રથમ 'પત્રકાર વન' આ અનોખા વિચારને સાકાર કરતું પ્રેરણાદાયી ઉદાહરણ બન્યું છે. ખેડા જિલ્લા માહિતી કચેરી અને જિલ્લા વન વિભાગના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'એક પેડ માઁ કે નામ 3.0' અભિયાન અંતર્ગત નડિયાદ સ્થિત માહિતી ભવન ખાતે રાજ્યના પ્રથમ 'પત્રકાર વન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ 'પત્રકાર વન'માં વિવિધ પ્રજાતિના કુલ 211 જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ માત્ર વૃક્ષારોપણનો કાર્યક્રમ નહીં, પરંતુ પત્રકારત્વ અને પર્યાવરણ સંરક્ષણ વચ્ચેના સંકલનનો સંદેશ આપતી પહેલ બની છે. પત્રકારત્વનું મહત્વ માત્ર સમાચાર લોકો સુધી પહોંચાડવા પૂરતું નથી. સમાજના મહત્વના પ્રશ્નો અંગે જનજાગૃતિ ઊભી કરવી પણ પત્રકારત્વની મહત્વપૂર્ણ જવાબદારી છે. પર્યાવરણ સંરક્ષણ આજે સમગ્ર વિશ્વ માટે મહત્વનો વિષય છે. વધતું શહેરીકરણ, પ્રદૂષણ, વૃક્ષોનું ઘટતું પ્રમાણ અને બદલાતી આબોહવા વચ્ચે વધુમાં વધુ વૃક્ષારોપણ અને તેના જતનની જરૂરિયાત ઊભી થઈ છે.

## ગોંડલના લોકમેળામાં ભાવતાલનો વિવાદ બન્યો લોહિયાળ! : ફોટો ફ્રેમના સ્ટોલ પર બોલાચાલી બાદ છરીથી હુમલો

**ગોંડલ**

ગોંડલના આઈકોનિક લોકમેળામાં ગઈકાલે મોડી રાત્રે ભાવતાલના સામાન્ય વિવાદે અચાનક લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ફોટો ફ્રેમના સ્ટોલ પર ભાવતાલ બાબતે થયેલી બોલાચાલી બાદ છરી વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં એક યુવકનું મોત થયું છે, જ્યારે અન્ય એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. મળતી માહિતી મુજબ, ફોટો ફ્રેમનો સ્ટોલ ચલાવતા સુજલ ઉર્ફે સની શ્રીરામ શર્મા, રમાશંકર ઉર્ફે દીપક બરમન અને વિશાલ નરેન્દ્ર શર્મા મેળામાં વેપાર કરતા હતા. દરમિયાન સ્ટોલ પર ફ્રેમના ભાવતાલ બાબતે બોલાચાલી થઈ હતી. મામલો ઉગ્ર બનતા છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો.

હુમલામાં રમાશંકર ઉર્ફે દીપક બરમનને છાતીના ભાગે ગંભીર છરીનો ઘા વાગ્યો હતો. લોહીલુહાણ હાલતમાં તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. જ્યારે બચાવ કરવા ગયેલા વિશાલ નરેન્દ્ર શર્માને પણ પડખાના ભાગે છરીનો ઘા વાગ્યો હતો. ગંભીર ઈજાને પગલે તેને વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. લોકમેળામાં મોટી સંખ્યામાં લોકોની હાજરી વચ્ચે બનેલી આ ઘટનાથી ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

### મીડિયા પાવર: 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના અહેવાલનો પ્રચંડ ધમાકો

# 4 મહિનાથી ખોરંભે પડેલું ડભોઈ-વેગા રોડનું કામ તંત્રએ 90 કલાકમાં દોડતું કર્યું!

**ડભોઈ**

તંત્રની નિષ્ક્રિયતા અને કોન્ટ્રાક્ટરની દાદાગીરી સામે જ્યારે જનતા લાચાર બની જાય છે, ત્યારે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' પ્રજાનો અવાજ બનીને મેદાનમાં આવે છે. ડભોઈથી વેગા સુધીના અત્યંત મહત્વના રસ્તા પર છેલ્લા ચાર-ચાર મહિનાથી અધૂરું કામ છોડીને ગાયબ થઈ ગયેલા કોન્ટ્રાક્ટર અને ઘોર નિંદ્રામાં ઝડપાયેલા વહીવટી તંત્રને 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના ધારદાર અહેવાલે બરાબરનું ઝંઝોડી નાખ્યું છે. સમાચાર પ્રસિદ્ધ થતાં જ સરકારી બાબુઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી અને જે કામ ચાર મહિનાથી અટકેલું હતું, તે માત્ર ૯૦ કલાકના ટૂંકા ગાળામાં યુદ્ધના ધોરણે પુનઃ શરૂ કરવાની તંત્રને ફરજ પડી છે.



**જનતાનો અવાજ બનતું પાક્કો ગુજરાત ન્યૂઝ: શું હતી સમગ્ર સમસ્યા?**

ડભોઈ ફરતી કૂઈથી વેગા સુધીનો આ માર્ગ માત્ર સ્થાનિક રહીશો પૂરતો સીમિત નથી, પરંતુ વિશ્વપ્રસિદ્ધ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' તરફ જતા પ્રવાસીઓ માટે પણ અત્યંત મહત્વનો રોડ છે. આમ છતાં, કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારીને કારણે ચાર મહિનાથી આ રસ્તાનું નિર્માણ કાર્ય અધવચ્ચે લટકાવી દેવામાં આવ્યું હતું.

**અકસ્માત અને ધૂળની ડમરીઓ:** રસ્તા પર પથરાયેલી કપચી-કાંકરી અને ઉડતી ધૂળને કારણે વાહનચાલકો સ્લીપ થઈ જવાના અને નાના-મોટા અકસ્માતો સર્જાવાના કિસ્સા વધી ગયા હતા.

**આરોગ્ય સામે મોટું જોખમ:** સતત ધૂળની ડમરીઓ ઉડવાને કારણે આસપાસના વેપારીઓ, સ્થાનિક રહીશો અને નાના બાળકોમાં શ્વાસ સંબંધિત ગંભીર બીમારીઓ ફેલાવાનો ભય ઊભો થયો હતો.

**જનતા ત્રાહિમામ:** દિવસ-રાત ધૂળ ખાવા મજબૂર બનેલા વાહનચાલકો અને રાહદારીઓ તંત્રની લાપરવાહીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

લોકોની આ ગંભીર હાલાકી અને તંત્રની પોલ ખોલતો સણસણતો અહેવાલ 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા પ્રમુખતાથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો. અહેવાલ છપાતા જ સંબંધિત વિભાગના અધિકારીઓના પેટનું પાણી હલ્યું હતું. ઊંઘતું ઝડપાયેલું તંત્ર તાત્કાલિક એક્શન મોડમાં આવ્યું અને કડક વલણ અપનાવી બેદરકાર કોન્ટ્રાક્ટરને આખરી તાકીદ કરી.

પરિણામે, ગણતરીના ૯૦ કલાકની અંદર જ ઘટનાસ્થળે જેસીબી અને રોડ બનાવવાના મશીનો ગૂંજવા લાગ્યા અને અટકેલું કામ ધમધમાટ શરૂ થઈ ગયું.

**જનતામાં હરખની હેલી: 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો આભાર**

તંત્રની આ ત્વરિત કામગીરી અને 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની સક્રિય તથા ભયમુક્ત પત્રકારત્વની ભૂમિકાને પગલે ડભોઈના નગરજનો, વેગાના ગ્રામજનો અને વાહનચાલકોમાં ભારે રાહત અને આનંદની લાગણી ફેલાઈ છે. સ્થાનિક લોકોએ મુશ્કેલીના સમયે પ્રજાનો પડખે ઊભા રહેવા બદલ અને પ્રજાની સમસ્યાને વાચા આપી તેનો ઉકેલ લાવવા બદલ 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની ટીમોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે જ્યારે પત્રકારત્વ નિષ્પક્ષ અને ધારદાર હોય, ત્યારે ગમે તેવું નિષ્ક્રિય તંત્ર પણ જનતાના કામ કરવા માટે મજબૂર બને છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' ભવિષ્યમાં પણ જનહિતના પ્રશ્નો આ જ રીતે ઉઠાવતું રહેશે!

### ગાંધીનગરમાં ગ્રામસેવકોનો હલ્લાબોલ

## કામના બોજ અને લટકતા પ્રશ્નો સામે આંદોલનનું રણશિંગું ફૂંકાયું

**ગાંધીનગર**

રાજ્યના કૃષિ અને ગ્રામીણ વિકાસની કરોડરજ્જુ સમાન ગ્રામસેવકો હવે સરકારની નીતિઓ અને અસહ્ય કામગીરીના ભારણ સામે આરપારના મૂડમાં આવી ગયા છે. ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળના આહવાન પર ગાંધીનગર જિલ્લા મંડળ દ્વારા આજે જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી (DDO) અને જિલ્લા ખેતીવાડી અધિકારીને આવેદનપત્ર આપીને પોતાના પડતર પ્રશ્નો અંગે આકરો વિરોધ નોંધાવ્યો છે. વારંવારની રજૂઆતો છતાં સરકારે કોઈ સકારાત્મક ઉકેલ ન લાવતા સમગ્ર ગ્રામસેવક આલમમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

**કામગીરીના અસહ્ય બોજ અને અન્ય વિભાગોનું વધારાનું કામ લાદવાનો વિરોધ**




આવેદનપત્રમાં ગ્રામસેવકોએ સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે રેવન્યુ તલાટી, પંચાયત તલાટી અને ખેતી મદદનીશોની મૂળ કામગીરી પણ બળજબરીપૂર્વક ગ્રામસેવકોના શિરે નાખી દેવામાં આવે છે. પાક કાપણી અખતરા, પીએમ-કિસાન યોજનાનું eKYC અને ફાર્મર રજીસ્ટ્રી જેવી જટિલ કામગીરીના કારણે ગ્રામસેવકોનું મૂળ કામ ખોરવાઈ રહ્યું છે. હાલમાં તીવ્ર મહેકમ અછત વચ્ચે ૮ થી ૧૦ ગામો વચ્ચે માત્ર એક જ ગ્રામસેવક ફરજ બજાવી રહ્યો છે. આ પરિસ્થિતિ સુધારવા માટે નવા સેજાઓની રચના કરી ૧ થી ૨ ગામ વચ્ચે એક ગ્રામસેવકની નિમણૂક કરવાની મુખ્ય માંગ કરાઈ છે.

**પગારધોરણ, પ્રમોશન અને સાધન-સુવિધા અંગેની મુખ્ય માંગણીઓ :** ગ્રામસેવક કેડરમાં પ્રમોશનની યોગ્ય અને ઝડપી તકો પૂરી પાડવી. પ્રથમ ઉચ્ચતર પગારધોરણમાં ૪૨૦૦ ગ્રેડ-પે મંજૂર કરવો. ટ્રાન્સપોર્ટ અને CETA એલાઉન્સમાં તાત્કાલિક વધારો કરવો. ડિજિટલ કામગીરી માટે સ્માર્ટફોન, કમ્પ્યુટર, ઈન્ટરનેટ સુવિધા અથવા તેનું યોગ્ય ભથ્થું ચૂકવવું.

**આંદોલનના તબક્કાવાર જલદ કાર્યક્રમોની જાહેરાત:** સરકારનું પેટનું પાણી ન હલતાં મહામંડળે લડતના તબક્કાવાર જલદ કાર્યક્રમો જાહેર કરી દીધા છે. ૮ સપ્ટેમ્બરે કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ દર્શાવ્યા બાદ આજે જિલ્લા કક્ષાએ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનશે.

## ગાંધીનગર વિધાનસભા અને કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સનસનાટી! વિદેશથી આવ્યો ધમકીભર્યો ઈમેલ

**ગાંધીનગર**

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં લોકશાહીના સર્વોચ્ચ મંદિર સમાન ગુજરાત વિધાનસભા અને જિલ્લા કોર્ટ સંકુલને બોમ્બથી ઉડાવી દેવાની સનસનાટીભરી ધમકી મળતા પોલીસ બેડા અને સચિવાલયમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. જોકે, ગાંધીનગર પોલીસ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (BDDS) અને ડોગ સ્કવોડની સમયસૂચકતા અને તાત્કાલિક કાર્યવાહીના કારણે મોટો અસંતોષ ટળ્યો છે.

ગાંધીનગર એસપી (SP) રવિ તેજાએ સ્થિતિ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, સવારે આશરે ૮ વાગ્યાના સુમારે વિદેશથી એક ધમકીભર્યો ઈમેલ પ્રાપ્ત થયો હતો, જેમાં વિધાનસભા અને કોર્ટ પરિસરમાં બોમ્બ મુકાયો હોવાનો સનસનાટીભર્યો દાવો કરવામાં આવ્યો હતો. મેઈલ મળતા જ સુરક્ષા એજન્સીઓ તુરંત એલર્ટ મોડ પર આવી ગઈ હતી. મેઈલની ગંભીરતાને ધ્યાને રાખીને ગાંધીનગર પોલીસ અને સુરક્ષા દળોએ તાત્કાલિક વિધાનસભા સંકુલને ઘેરી લીધું હતું. સવારે ૯ વાગ્યા પહેલા જ ક્રાઈમ બ્રાન્ચ, સાયબર સેલ અને બોમ્બ સ્કવોડની ટીમ દ્વારા સઘન ચેકિંગ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી હતી.

### કામના બોજ, ગ્રેડ પે અને પ્રમોશનના મુદ્દે આંદોલનનું રણશિંગું ફૂંકાયું

## ગ્રામસેવકોનો સરકાર સામે આરપારનો જંગ: 8થી 10 ગામ વચ્ચે માત્ર એક જ કર્મચારી!

### ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાલની ચિમકીથી ગાંધીનગરમાં દોડધામ! : ખેડા કલેક્ટરને આવેદનપત્ર આપી વિરોધનો સૂર બુલંદ કર્યો

**ખેડા/ગાંધીનગર**

ગુજરાતમાં સરકારી કર્મચારીઓ અને શાસકો વચ્ચેનો અસંતોષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ખેડૂતો અને ગ્રામીણ વિકાસની કરોડરજ્જુ ગણાતા ગ્રામસેવકોએ પોતાની પડતર માંગણીઓ અને કામગીરીના અસહ્ય ભારણ સામે સરકાર સામે સીધો જંગ જાહેર કર્યો છે. 'ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ'ના આહ્વાન પર ખેડા જિલ્લા સહિત રાજ્યભરના ગ્રામસેવકોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને તાકીદે માંગણીઓ સંતોષવા હૂંકાર કર્યો છે.

ગ્રામસેવકોનો સીધો આક્ષેપ છે કે રાજ્યમાં મહેકમની ભારે અછત છે. હાલમાં એક-એક ગ્રામસેવકના શિરે ૮થી ૧૦ ગામોની ખેતીવાડી અને વિકાસલક્ષી કામગીરી સોંપાયેલી છે. તેના પરથી અન્ય વિભાગોની વધારાની કામગીરી અને ઓનલાઈન પોર્ટલનો બોજ પણ ગ્રામસેવકો પર થોપી દેવામાં આવે છે. જેના કારણે કર્મચારીઓ માનસિક અને શારીરિક રીતે પીલાઈ રહ્યા છે.

**મુખ્ય માંગણીઓ:**

૧. મહેકમ વધારો: ખાલી પડેલી જગ્યાઓ ત્વરિત ભરીને મહેકમ વધારવામાં આવે.

૨. ગ્રેડ પે અને ઉચ્ચતર પગાર: પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં ૪૨૦૦ ગ્રેડ પેનો લાભ આપવામાં આવે.

૩. પ્રમોશન અને ભથ્થાં: લાંબા સમયથી અટકેલા પ્રમોશન શરૂ કરાય અને મુસાફરી ભથ્થામાં (TA) મોંઘવારી મુજબ વધારો થાય.

૪. બિન-સંબંધિત કામગીરી બંધ કરો: અન્ય વિભાગોની કામગીરી બળજબરીથી સોંપવાનું બંધ કરવામાં આવે.

**તબક્કાવાર આંદોલનની લાઈનઅપ અને અચોક્કસ મુદતની હડતાલની ચિમકી** મહામંડળ દ્વારા સરકારને ઘેરવા માટે તબક્કાવાર આંદોલનનું શિડ્યુલ જાહેર કરી દેવાયું છે.

**આરપારની લડાઈ:** જો સરકાર તંત્ર નિદ્રામાંથી નહીં જાગે, તો ૧ ઓક્ટોબરે માસ સીએલ (Mass CL) અને ૨ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાલ પર જવાની સ્પષ્ટ ચિમકી આપવામાં આવી છે.

### ગુજરાતમાં બાળ સુરક્ષા મુદ્દે કડક કાર્યવાહી!

## 5 વર્ષમાં POCSOના 1,785 કેસોમાં ચુકાદા, 908 આરોપીઓને આજીવન કેદ અને 16ને ફાંસીની સજા

**ગાંધીનગર**

ગુજરાતમાં બાળકો સામેના જાતીય ગુનાઓને લઈને રાજ્ય સરકાર અને કાયદા અમલીકરણ તંત્રની કડક નીતિના આંકડા સામે આવ્યા છે. રાજ્ય સરકારના જણાવ્યા મુજબ, વર્ષ 2022થી ઓગસ્ટ 2026 સુધી ગુજરાતની POCSO અદાલતોમાં કુલ 1,785 કેસોમાં ચુકાદા આપવામાં આવ્યા છે. આ ચુકાદાઓમાં 908 આરોપીઓને આજીવન કેદની સજા અને 16 આરોપીઓને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે. બાળકો સામેના જાતીય ગુનાઓની તપાસ અને કોર્ટ કાર્યવાહી ઝડપી બને તે માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટ, વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કરવાની પ્રક્રિયા અને પોલીસ-પ્રોસિક્યુશન વચ્ચેના સંકલન પર ભાર મૂકવામાં આવી રહ્યો હોવાનું રાજ્ય સરકારનું કહેવું છે. આ આંકડા દર્શાવે છે કે POCSO કેસોમાં કોર્ટના ચુકાદાઓની સંખ્યામાં પણ વધારો થયો છે. 2022માં 194 ચુકાદા થયા હતા, જ્યારે 2025માં આ સંખ્યા વધીને 499 થઈ હતી. 2026ના પ્રથમ આઠ મહિનામાં એટલે કે ઓગસ્ટ સુધીમાં 346 ચુકાદા આપવામાં આવ્યા હોવાનું સરકારી માહિતીમાં જણાવાયું છે. 2026ના પ્રથમ આઠ મહિનામાં આવેલા 346 ચુકાદાઓમાં 241 આરોપીઓને આજીવન કેદની સજા અને બે આરોપીઓને મૃત્યુદંડની સજા આપવામાં આવી હોવાનું જણાવાયું છે. માત્ર ઓગસ્ટ મહિનામાં જ 48 POCSO કેસોમાં ચુકાદા આવ્યા, જેમાં 35 આરોપીઓને આજીવન કેદની સજા થઈ. સરકારી આંકડા મુજબ, છેલ્લા પાંચ વર્ષ દરમિયાન 140 POCSO કેસોમાં 15 દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. વધુ 1,339 કેસોમાં 16થી 30 દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, જ્યારે 5,463 કેસોમાં 31થી 45 દિવસની અંદર તપાસ પૂર્ણ કરીને ચાર્જશીટ રજૂ કરવામાં આવી હોવાનું જણાવાયું છે. ઝડપી ન્યાયના ઉદાહરણ તરીકે ગાંધીનગરના કલોલની વિશેષ POCSO કોર્ટનો એક કેસ પણ સામે આવ્યો છે. સરકારી માહિતી મુજબ, 15 વર્ષની બાળકી સાથેના ગંભીર ગુનાના કેસમાં પોલીસે ચાર્જશીટ દાખલ કર્યા બાદ માત્ર 72 કલાકમાં આરોપીને તેના કુદરતી જીવનના અંત સુધીની આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.



## ગુજરાત વિધાનસભા કે 'નાટક મંડળી'?: પ્રજાના કરોડો રૂપિયાના ટેક્સનો ધુમાડો, જનતાના મુસદ્દા ગાયબ અને નેતાઓના ટાઇફા ચાલુ!

### શું સત્તાપક્ષ અને વિરોધપક્ષ વચ્ચે ગોઠવાઈ ગઈ છે રમત? : લોકશાહીના મંદિરના નામે રોજનો લાખો રૂપિયાનો વેડફાટ! પ્રજા મોંઘવારી, બેરોજગારી અને રખડતા ઢોર વચ્ચે પીસાય છે અને ધારાસભ્યો કૅમેરા સામે હીરો બનવાના ખેલ કરે છે!

**ગાંધીનગર**

ગાંધીનગરના ચાર દીવાલો વચ્ચે જ્યારે પણ વિધાનસભાનું સત્ર મળે છે, ત્યારે નાગરિકોને આશા હોય છે કે તેમના રસ્તા, મોંઘવારી, પેપર લીક, બેરોજગારી, હોસ્પિટલોની અવદશા અને શિક્ષણના પ્રશ્નો અંગે ચર્ચા થશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે સત્ર શરૂ થતાં જ લોકશાહીનું આ મંદિર 'રાજકીય અખાડો' કે 'ડ્રામા સ્ટેજ' બની જાય છે! પ્રજાના પરસેવાની કમાણીમાંથી ચૂકવાતા કરોડો રૂપિયાના ટેક્સનો ઉપયોગ નેતાઓની સુવિધાઓ અને આ સત્રો પાછળ થઈ રહ્યો છે, પણ વળતરમાં જનતાને મળે છે માત્ર શૂન્ય.

મહિનાઓ સુધી રાહ જોયા પછી મળતા ટૂંકા સત્રોમાં ધારાસભ્યો પ્રજાના અસલી પ્રશ્નો રજૂ કરવાના બદલે ટીવી કૅમેરા સમક્ષ પોતાની પબ્લિસિટી કરવાના ટાઈફા કરતા નજરે પડે છે. ક્યારેક બેનરો લઈને વિરોધ દર્શાવીને ગૃહમાંથી વોકઆઉટ કરી દેવું, તો ક્યારેક સામસામે પક્ષીય આક્ષેપો કરીને આખો દિવસ બગાડવો–આ જ હવે વિધાનસભાનો કાયમી સિરસ્તો બની ગયો છે. સત્રનો કિંમતી સમય, જેમાં કાયદાઓ પર ઊંડી ચર્ચા થવી જોઈએ, તે ગૃહ મુલતવી રાખવામાં કે હંગામામાં હોમાઈ જાય છે.

સામાન્ય જનતાના મનમાં હવે એવો સવાલ ઊભો થઈ રહ્યો છે કે, શું વિરોધપક્ષ માત્ર બતાવવા પૂરતો વિરોધ કરે છે? અને શું સત્તાપક્ષ તેમને ચોક્કસ હદ સુધી જ બોલવાની છૂટ આપે છે? જ્યારે પણ કોઈ મોટું કૌભાંડ કે પ્રજાને સ્પર્શતો સળગતો મુદ્દો આવે છે, ત્યારે ગૃહમાં માત્ર થોડી મિનિટોનો હંગામો થાય છે અને પછી બધું ઠંડુ પડી જાય છે. કોઈ નક્કર પરિણામ સુધી મામલો પહોંચતો જ નથી! આ ચિત્ર જોતાં લાગે છે કે રાજકીય રોટલા શેકવા માટે અંદરખાને બધું સેટિંગ છે અને પ્રજાને મૂર્ખ બનાવવામાં આવી રહી છે.

એક દિવસના સત્ર પાછળ લાખો રૂપિયાનો સરકારી ખર્ચ થાય છે. અધિકારીઓની દોડધામ, સિક્યુરિટી અને નેતાઓના ભથ્થાં બધું જ પ્રજાના ખિસ્સામાંથી જાય છે.

### સરકાર અને કમિશનર સામે વિરોધનો સૂર

# ગાંધીનગર સ્લેબ દુર્ઘટના: ભ્રષ્ટાચારના સ્લેબ હેઠળ દબાયું માનવતાનું લોહી, 'આપ' નેતાઓ સિવિલ પહોંચ્યા



ગાંધીનગર

ગાંધીનગરના પોશ વિસ્તાર ગણાતા કુડાસણ ખાતે ગત રાત્રે નિર્માણાધીન બિલ્ડિંગનો સ્લેબ ધરાશાયી થવાની ગોઝારી દુર્ઘટના સામે આવી છે. ભ્રષ્ટાચાર અને નબળા બાંધકામના લીધે સર્જાયેલી આ હોનારતમાં અનેક શ્રમિકો અને નિર્દોષ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઘટના બાદ સફાળા જાગેલા તંત્ર સામે જનરોષ ફાટી નીકળ્યો છે. આજે આમ આદમી પાર્ટી (AAP) ના પ્રદેશ કક્ષાના નેતાઓએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ ઈજાગ્રસ્તોના હાલચાલ પૂછ્યા હતા અને માસુમોના લોહીથી હાથ રંગનારા કૌભાંડીઓ સામે વિરોધ દર્શાવ્યો હતો.

સિવિલ હોસ્પિટલ ખાતે 'આપ'ના પ્રદેશ સંગઠન મંત્રી ડૉ. કરન બારોટ, પ્રદેશ ઉપાધ્યક્ષ ડૉ. જ્વેલ વસરા, પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કર અને પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈ સહિતના આગેવાનોએ ઘાયલ શ્રમિકોને મળીને સાંત્વના પાઠવી હતી.

હોસ્પિટલ પરિસરમાં મીડિયા સાથે વાતચીત કરતા પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે તંત્ર અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત પર આકરા પ્રહારો કર્યા હતા. ગાંધીનગર જેવા વીઆઈપી વિસ્તારમાં જ જો બાંધકામના નિયમોનું પાલન ન થતું હોય, તો સમગ્ર ગુજરાતની સ્થિતિ કેટલી ભયાવહ હશે તે વિચારી શકાય છે.

બિલ્ડિંગના પ્લાન પાસ કરાવવાથી લઈને કન્સ્ટ્રક્શન સુધી માત્ર કાગળ પર કામગીરી થાય છે, સુરક્ષાના કોઈ પેરામીટર્સ જાળવવામાં આવતા નથી. જો તંત્ર ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને એન્જિનિયરો સામે સમયસર કડક પગલાં નહીં લે, તો ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓમાં ઘાયલ થતા લોકો માટે હોસ્પિટલોમાં પથારીઓ ઓછી પડશે. આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ ઈજાગ્રસ્તો સાથેની વાતચીતને ટાંકીને ખુલાસો કર્યો હતો કે આ દુર્ઘટના માત્ર અને માત્ર બેદરકારીનું પરિણામ છે.

### ગાંધીનગરમાં હાઈવોલ્ટેજ ડ્રામા

## દારૂની પોટલી સાથે વિધાનસભા પહોંચેલા ધારાસભ્ય અનંત પટેલને પોલીસે રોકતા બોલાચાલી

ગાંધીનગર

ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વાંસદાના કોંગ્રેસ ધારાસભ્ય અનંત પટેલ દેશી દારૂની પોટલી સાથે વિધાનસભા સંકુલમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે સુરક્ષામાં તૈનાત પોલીસ કર્મચારીઓએ તેમને અટકાવ્યા હતા. આ ઘટનાને પગલે ગેટ પર જ ધારાસભ્ય અને પોલીસ વચ્ચે તીખી બહસ અને માથાકૂટ સર્જાઈ હતી. ગુજરાતમાં કાગળ પર દારૂબંધી હોવા છતાં રાજ્યમાં દેશી અને વિદેશી દારૂનો કાળો કારોબાર ધમધમી રહ્યો હોવાનો આરોપ લગાવીને ધારાસભ્ય અનંત પટેલે વિરોધનો અનોખો માર્ગ અપનાવ્યો હતો. તેઓ પુરાવા રૂપે પોતાની સાથે દેશી દારૂની પોટલી લઈને ગૃહમાં વિરોધ નોંધાવવા જઈ રહ્યા હતા. જોકે, મુખ્ય ગેટ પર જ સુરક્ષાકર્મીઓએ તેમનું ચેકિંગ હાથ ધર્યું હતું અને દારૂની પોટલી અંદર લઈ જવાની સ્પષ્ટ મનાઈ કરી દીધી હતી. ગેટ પર રોકવામાં આવતા જ ધારાસભ્ય અનંત પટેલ અને પોલીસ વચ્ચે બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. પોલીસે તેમને ગૃહની મર્યાદા અને સુરક્ષા નિયમોનું પાલન કરવા જણાવ્યું હતું, જ્યારે સામે પક્ષે અનંત પટેલે આક્ષેપ કર્યો હતો કે 'રાજ્યમાં ખૂણે-ખૂણે દારૂ મુક્તપણે વેચાઈ રહ્યો છે, સરકાર દારૂબંધીના દાવા કરે છે પરંતુ વાસ્તવિકતા અલગ છે. હું આ સત્ય ગૃહમાં રજૂ કરવા માગું છું.' આ માથાકૂટને પગલે વિધાનસભાના ગેટ પર થોડા સમય માટે ભારે દોડધામ અને તંગદિલીનો વાતાવરણ સર્જાયું હતું.

### વડોદરામાં જનઆરોગ્ય સાથે ખુલ્લેઆમ ખિલવાડ

## 'જય સ્વામિનારાયણ કાઠિયાવાડી ભોજનાલય'ની શરમજનક બેદરકારી કેમેરામાં કેદ

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના છાણી વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારો અને ઘૃણાસ્પદ કિસ્સો સામે આવ્યો છે. વાજબી ભાવે શુદ્ધ કાઠિયાવાડી ભોજન પીરસવાનો દાવો કરતી 'જય સ્વામિનારાયણ કાઠિયાવાડી ભોજનાલય'માં લોકોના આરોગ્ય સાથે કઈ હદે ચેડાં થઈ રહ્યા છે, તેનો એક ખૌફનાક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર શહેરમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે રેસ્ટોરન્ટના રસોડામાં મુકાયેલી લોટ દળવાની ઘંટીમાં એક બિલાડી આરામથી મોઢું મારીને લોટ ખાતી જોવા મળી રહી છે. જે લોટમાંથી ગ્રાહકો માટે



રોટલીઓ અને ભાખરીઓ બનાવવામાં આવે છે, તે જ લોટમાં બિલાડીના મોઢાના જંતુઓ અને ગંદકી ભળી રહી છે. ગ્રાહકો જેને પવિત્ર અને શુદ્ધ ભોજન સમજીને આરોગે છે, ત્યાં રેસ્ટોરન્ટના માલિકો ખુલ્લેઆમ ગંભીર બીમારીઓને નોતરૂં આપી રહ્યા છે. રેસ્ટોરન્ટની આ શરમજનક અને ઘાતક બેદરકારી ત્યાં જમવા આવેલા એક જાગૃત ગ્રાહકની નજરે પડી ગઈ હતી. ગ્રાહકે કોઈ પણ ડર વગર તુરંત જ પોતાના મોબાઈલમાં આ સમગ્ર ઘટનાનો વીડિયો ઉતારી લીધો હતો અને સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધો હતો. આ વીડિયો સામે આવ્યા બાદ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પાલિકાનું ફૂડ વિભાગ ક્યાં સુધી ઊંઘતું રહેશે? આ ઘટના બાદ હવે વડોદરા મહાનગરપાલિકાના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. શું પાલિકાનું ફૂડ વિભાગ માત્ર હોટલ-રેસ્ટોરન્ટો પાસેથી હપ્તા ઉઘરાવવામાં જ મશગૂલ છે? લોકોના આરોગ્ય સાથે આટલા મોટા પાયે ચેડાં થતા હોવા છતાં કડક ચેકિંગ કેમ કરવામાં આવતું નથી?

## અંબાજીમાં કથિત વરલી મટકાના જુગાર અંગે સવાલો : પોલીસની કામગીરી સામે ઉઠ્યા સવાલો

અંબાજી

અંબાજીમાં આગામી 20થી 26 સપ્ટેમ્બર 2026 દરમિયાન ભાદરવી પૂનમ મહામેળો યોજાવાનો છે. મહામેળામાં લાખોની સંખ્યામાં માઈભક્તો અંબાજી પહોંચવાના હોવાથી યાત્રાધામમાં કાયદો અને વ્યવસ્થા જાળવવી પોલીસ માટે મહત્વપૂર્ણ બની રહે છે. આ દરમિયાન અંબાજીના દાંતા રોડ અને હડાદ રોડ વિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ કથિત રીતે વરલી મટકાનો જુગાર ચાલી રહ્યો હોવાના આક્ષેપો સામે આવ્યા છે. આ પ્રવૃત્તિ અંગે સ્થાનિક સ્તરે ચર્ચા ચાલી રહી હોવા છતાં પોલીસ તંત્રની કામગીરી અંગે સવાલો ઉઠી રહ્યા છે.અગાઉ પણ હડાદ વિસ્તારમાં વરલી મટકાની પ્રવૃત્તિ અંગે અહેવાલો પ્રકાશિત થયા હતા અને પોલીસ સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. અંબાજી મહામેળા દરમિયાન દાંતા રોડ અને હડાદ રોડ પર મોટી સંખ્યામાં યાત્રિકોની અવરજવર રહેવાની છે. વહીવટી તંત્ર દ્વારા યાત્રાળુઓની સુવિધા અને સુરક્ષા માટે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે.આવા સંજોગોમાં જો જુગારની પ્રવૃત્તિ અંગેના આક્ષેપો સાચા હોય તો પોલીસ દ્વારા તાત્કાલિક તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે, તેવી માંગ ઉઠી રહી છે.

### સૌરાષ્ટ્રના રાજકારણમાં મોટો વિસ્ફોટ

## ભાજપ સામે જ ભાજપનો જંગ! લોધિકા સંઘની ચૂંટણી બાદ વિજય સખીયાનો જિલ્લા પ્રમુખ અલ્પેશ ઢોલરીયા સામે સીધો પ્રહાર

### 'કોની સાથે આર્થિક વ્યવહારો કર્યા?' સવાલથી ગરમાવો! : રાદડિયા-કોરાટ જૂથ વચ્ચે વર્ચસ્વની લડાઈ: મેન્ડેટના ઉડીયા ધજાગરા

રાજકોટ

સૌરાષ્ટ્રના સહકારી ક્ષેત્રના રાજકારણમાં મોટો ધડાકો થયો છે. રાજકોટ-લોધિકા ખરીદ-વેચાણ સંઘની ચૂંટણી પરિણામો બાદ ભારતીય જનતા પાર્ટીમાં અંદરોઅંદર જૂથબંધી અને સત્તાનો જંગ શેરીઓ સુધી પહોંચી ગયો છે. ભાજપે સત્તાવાર વ્હીપ અને મેન્ડેટ જાહેર કર્યા હોવા છતાં ધારાસભ્ય જયેશ રાદડિયા જૂથના બળવાખોર ઉમેદવારોએ વિજય મેળવીને મોવડીમંડળની ગણતરીઓ ઊંધી વાળી દીધી છે. બીજી તરફ, વિજય કોરાટ અને અન્ય વિરોધી જૂથને મોટો ઝટકો લાગ્યો છે.

માધાપર બેઠક પરથી પક્ષના મેન્ડેટ ધરાવતા ઉમેદવાર સામે જીત મેળવનાર વિજય સખીયાએ હવે રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા સામે મોરચો માંડ્યો છે. વિજય સખીયાએ મીડિયા સમક્ષ આકરા પ્રહારો કરતા સવાલ ઉઠાવ્યો છે કે, "અલ્પેશ ઢોલરીયાએ કોની સાથે અને કયા પ્રકારના આર્થિક વ્યવહારો કર્યા છે તે અંગે પ્રદેશ ભાજપે તપાસ કરવી જોઈએ." સખીયાએ ઉમેર્યું કે જિલ્લા પંચાયતના સભ્યોને પૂછવામાં આવે તો સત્ય બહાર આવી જશે. ભાજપના જ નેતા દ્વારા જિલ્લા પ્રમુખના નાણાકીય વહીવટ સામે આ રીતે જાહેરમાં આક્ષેપ કરાતા રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચી છે.

આ ચૂંટણીમાં પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી સહિત પક્ષના મેન્ડેટવાળા નેતાઓની હાર થઈ છે. હાર બાદ જિલ્લા પ્રમુખ અલ્પેશ ઢોલરીયાએ આકરા બોલ બોલતા કહ્યું હતું કે વ્હીપનો અનાદર કરનારા કોઈ કાર્યકરો પક્ષના નથી અને તેમની સામે શિસ્તભંગની કડક કાર્યવાહી માટે પ્રદેશ પ્રમુખને રિપોર્ટ સોંપાયો છે. તેની સામે સામો પ્રહાર કરતા વિજય સખીયાએ પોતે ભાજપના જ કાર્યકર્તા હોવાના પુરાવા રજૂ કરીને જિલ્લા સંગઠનની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

### મગનભાઈ વડાવીયાના એકહથ્થુ દબદબાનો અંત!

## મોરબી માર્કેટિંગ યાર્ડમાં પરિવર્તનનો મોટો ભડાકો: ભાજપના વર્ષો જુના ગઢમાં પડ્યું ગાબડું

મોરબી

સૌરાષ્ટ્રના રાજકારણ અને સહકારી ક્ષેત્રમાંથી આ ક્ષણના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે.

વર્ષોથી ભારતીય જનતા પાર્ટીનો અજેય ગઢ ગણાતા મોરબી એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી (APMC) એટલે કે માર્કેટિંગ યાર્ડની ચૂંટણીના પરિણામોએ સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતના રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. ખેડૂતોએ આ વખતે પરિવર્તનનો પવન ફૂંકીને વર્ષોથી યાર્ડ પર રાજ કરતા મગનભાઈ વડાવીયાના દબદબાને ઉખાડી ફેંક્યો છે અને 'ખેડૂત પરિવર્તન પેનલ'નો ભવ્ય વિજય થયો છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, મોરબી યાર્ડના આ પરિણામો પાછળ તાજેતરમાં ખેડૂતો દ્વારા કરવામાં આવેલું ઉગ્ર 'વીજપોલ આંદોલન' મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. ખેડૂતોની જમીનો, વળતર અને વીજળી સંબંધિત પડતર પ્રશ્નો અંગે શાસકો દ્વારા કરવામાં આવેલી ઉપેક્ષાનો બદલો ખેડૂતોએ બેલેટ પેપરથી લીધો છે.

સહકારી ક્ષેત્ર પર સત્તાધારી પક્ષનો જ કબ્જો રહેતો આવ્યો છે, પરંતુ મોરબીના ખેડૂતોએ એકજૂથ થઈને બતાવી દીધું છે કે ખેડૂતહિત સામે કોઈ સત્તા ટકી શકતી નથી.

મોરબી યાર્ડનું આ પરિણામ માત્ર એક સ્થાનિક ચૂંટણીનો વિજય નથી, પરંતુ આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલાં સરકાર માટે સણસણતી લાલ બત્તી સમાન છે.

યાર્ડના પરિણામો બાદ જીતેલા ખેડૂત નેતાઓ અને સ્થાનિક ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખેડૂતોએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે જો ભાજપ સરકાર ખેડૂતોના પાયાના પ્રશ્નો, ખાતર, બિયારણ, વીજળી અને પોષણક્ષમ ભાવ અંગે ગંભીરતા નહીં દાખવે, તો આવનારી વિધાનસભાની ચૂંટણીમાં પણ આ જ રીતે સરકાર સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.

જે રીતે એક સમયે ભાજપના ગઢ ગણાતા મોરબીમાં જ ભાજપ પ્રેરિત પેનલનો સફાયો થયો છે, તે દર્શાવે છે કે જમીની સ્તર પર ખેડૂતો અને ગ્રામીણ મતદારોમાં ભારે અસંતોષ વ્યાપેલો છે.

શું આ પરિવર્તનની હવા સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પણ વિસ્તરશે? શું સરકારે પોતાની નીતિઓ બદલવાની જરૂર છે કે પછી જનતા જ સરકાર બદલવાનો મૂડ બનાવી ચૂકી છે? આ સવાલો હવે ગાંધીનગરમાં બેઠેલા નેતાઓને ઊંઘવા દેશે નહીં!

## વડોદરા GERI ના વર્ગ-1 ના અધિકારી અને સિનિયર સાયન્ટિફિક આસિસ્ટન્ટ 21,000ની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા!

વડોદરા

ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતના દાવાઓ વચ્ચે વડોદરાની ગુજરાત એન્જિનિયરિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GERI) માંથી લાંચરુશવત વિરોધી બ્યુરો (ACB) એ એક મોટો ધડાકો કર્યો છે. લેબની મુલાકાત લઈ પોઝિટિવ રિપોર્ટ આપવાના બદલામાં રૂા. ૨૧,૦૦૦ ની લાંચ માંગનારા વર્ગ-૧ ના સંશોધન અધિકારી અને સિનિયર સાયન્ટિફિક આસિસ્ટન્ટને ACB એ ટ્રેપ ગોઠવીને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

કોણ છે ભ્રષ્ટ અધિકારીઓ?

1. આણંદભાઈ નરેન્દ્રભાઈ ખરેડીયા - સંશોધન અધિકારી (કાર્યપાલક ઈજનેર), વર્ગ-૦૧, ગૅરી (GERI), વડોદરા.

2. જીગરભાઈ કલસીંગભાઈ





ભુટીયા - સિનિયર સાયન્ટિફિક આસિસ્ટન્ટ, ગૅરી (GERI), વડોદરા.

ફરિયાદીની લેબની વિઝિટ કરવાની હતી અને ત્યારબાદ તેમની લેબનો 'પોઝિટિવ રિપોર્ટ' આપવાનો હતો. આ સરકારી કામના બદલામાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા આ બંને અધિકારીઓએ ફરિયાદી પાસે રૂા. ૨૧,૦૦૦ ની ગેરકાયદેસર લાંચની માંગણી કરી હતી.

ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે તરત જ ગુજરાત એસીબી (ACB) નો સંપર્ક કર્યો હતો. એસીબીની ટીમે ત્વરિત પ્લાન બનાવીને ટ્રેપ ગોઠવી હતી. જેવી આરોપીઓએ રૂા. ૨૧,૦૦૦ ની રોકડ સ્વીકારી, કે તરત જ એસીબીની ટીમે ત્રાટકીને બંનેને રંગેહાથ પકડી લીધા હતા.

એસીબીની કડક કાર્યવાહી:

રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીની 'ઝીરો ટોલરન્સ ફોર કરપ્શન' ની નીતિ હેઠળ એસીબી ગુજરાત દ્વારા ભ્રષ્ટ અધિકારીઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. વડોદરા એસીબીની આ સફળ કામગીરીથી સરકારી બાબુઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. બંને અધિકારીઓ સામે ગુનો નોંધી આગળની કાયદેસરની ધાકધમકી વગરની તપાસ શરૂ કરવામાં આવી છે.

'જો તમારી પાસે પણ કોઈ સરકારી અધિકારી કે કર્મચારી લાંચ માંગે, તો ડર્યા વગર એસીબીના ટોલ-ફ્રી નંબર ૧૦૬૪ પર સંપર્ક કરો.'

## બનાસકાંઠામાં નકલી નોટોના કાળા કારોબારનો ખુલાસો: શિહોરી પોલીસનો મોટો સપાટો, ₹2.44 લાખની બનાવટી નોટો સાથે બે ઝડપાયા!

બનાસકાંઠા

સરહદી જિલ્લા બનાસકાંઠામાં નકલી ચલણી નોટો વટાવવાના મોટો ગોરખધંધાનો શિહોરી પોલીસે પર્દાફાશ કરીને સનસનાટી મચાવી દીધી છે. બજારમાં અસલીના નામે નકલી નોટો ઘુસાડી આર્થિક ગુનો આચરવાના મનસુબા સાથે ફરી રહેલા બે રીઢા શખ્સોને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા છે.

શિહોરી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે કેટલાક શખ્સો હોંડા એક્ટિવા બાઈક પર નકલી નોટોનો જથ્થો લઈને બજારમાં ફેરવવા અને વટાવવાના ઈરાદે ફરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક વોચ ગોઠવી શંકાસ્પદ એક્ટિવાને આંતરીને તલાશી લીધી હતી. તલાશી દરમિયાન પોલીસ પણ ચોંકી ઉઠી હતી, કારણ કે એક્ટિવામાંથી રૂ. 500ના દરની કુલ 488 નકલી ચલણી નોટો મળી આવી હતી. આ જપ્ત કરાયેલી બનાવટી નોટોની કુલ કિંમત રૂ. 2,44,000 થાય છે.

પોલીસે ગેરકાયદેસર રીતે નકલી નોટો પોતાની પાસે રાખવા અને તેને બજારમાં અસલી તરીકે ચલાવવાનો પ્રયાસ કરવા બદલ બે શખ્સોની સ્થળ પરથી જ અટકાયત કરી છે: દેવારામ જોશી, રમેશ વાઘેલા જોકે, આ ગુનાહિત નેટવર્કનો અન્ય એક મુખ્ય સૂત્રધાર ભીખુ ડાભી નામનો શખ્સ પોલીસની રેડ દરમિયાન ચકમો આપીને ફરાર થઈ જવામાં સફળ રહ્યો છે.

શિહોરી પોલીસે રૂ. 2.44 લાખની નકલી નોટો અને એક્ટિવા કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ નકલી નોટો ક્યાંથી લાવવામાં આવી હતી?

### રાજકોટ-અમદાવાદની CA ત્રિપુટીનો ₹600 કરોડનો મહાગોટાળો:


## વિદેશમાં બોગસ શેલ કંપનીઓ ઊભી કરી કરોડોના હવાલા પાડ્યા!

રાજકોટ

સૌરાષ્ટ્રના આર્થિક પાટનગર રાજકોટ અને અમદાવાદના સટ્ટા-નાણાકીય વર્તુળોમાં મોટો ધડાકો થયો છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (CA) ની એક શાતિર ત્રિપુટીએ આચરેલા 600 કરોડના આંતરરાષ્ટ્રીય નાણાકીય કૌભાંડનો પર્દાફાશ થતાં સમગ્ર ગુજરાતના વેપારી અને રોકાણકાર આલમમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પોતાના જ માલના પોતે જ ખરીદદાર અને વેચનાર બનીને કરોડો રૂપિયા લંડન અને અન્ય દેશોમાં હવાલે કરી દેવાના આ જટિલ ગોરખધંધા સામે તપાસ એજન્સીઓએ સપાટો બોલાવ્યો છે. તપાસ એજન્સીઓ પાસેથી મળતી પ્રાથમિક વિગતો મુજબ, આ CA ત્રિપુટીએ વિદેશની ધરતી પર,



મિતેશ સંઘવી



મનીષ ડાંગી



જય ચોટલિયા

ખાસ કરીને યુકે (લંડન) અને અન્ય ટેક્સ હેવન દેશોમાં બોગસ શેલ કંપનીઓ (બેનામી પેઢીઓ) ઊભી કરી હતી. આ ત્રિપુટી ભારતમાં બેઠા બેઠા જ કાગળ પર એક્સપોર્ટ-ઈમ્પોર્ટના મોટા સોદા બતાવતી હતી. જેમાં: સેલ્ફ-ટ્રેડિંગ મોડલ: વિદેશની પોતાની જ કંપનીઓને ભારતીય કંપનીઓ દ્વારા માલ વેચવામાં આવતો અને બાદમાં એ જ માલ ઊંચા ભાવે પરત ખરીદાયેલો દર્શાવાતો. મની લોન્ડરિંગ: કાગળ પર ખોટા બિલિંગ અને ઓવર-ઈનવોઈસિંગ કરીને ભારતના રોકાણકારો તેમજ વેપારીઓના કરોડો રૂપિયા કાયદેસરના નાણાં તરીકે બતાવીને ગેરકાયદેસર રીતે હવાલા મારફતે લંડન મોકલી દેવાતા હતા. આ ત્રિપુટીએ ઊંચા વળતર અને ટેક્સ બચાવવાની ગુલબાંગો ફેંકીને ગુજરાતના અનેક નામી-અનામી રોકાણકારો પાસેથી કરોડો રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. રોકાણકારોને અંધારામાં રાખીને તેમના નાણાં બારોબાર વિદેશી ખાતાઓમાં ટ્રાન્સફર કરી દેવાયા હોવાનું સામે આવ્યું છે. જ્યારે તપાસ એજન્સીઓએ મની ટ્રેલ (નાણાંની લેવડ-દેવડનો માર્ગ) ટ્રેસ કર્યો.

### પરીક્ષા માફિયા સંજીવ મુખિયાનો ધડાકો

## પરીક્ષા માફિયા સંજીવ મુખિયાનો ધડાકો: NEET સહિતની અનેક ભરતી પરીક્ષાઓના પેપર લીકમાં કબૂલ્યો ગુનો

પટણા

દેશભરના કરોડો વિદ્યાર્થીઓ અને યુવાનોના ભવિષ્ય સાથે રમત રમતા પેપર લીક કૌભાંડના સૌથી મોટા માસ્ટરમાઈન્ડ અને કુખ્યાત પરીક્ષા માફિયા સંજીવ મુખિયાને લઈને એક અત્યંત ચંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. બિહારની આર્થિક અપરાધ એકમ (EOU) દ્વારા કરવામાં આવેલી આકરી અને ઘાતક પૂછપરછ સામે પેપર લીકનો આ 'કિંગપિન' તૂટી પડ્યો છે. EOU ની ટીમ સામે સંજીવ મુખિયાએ NEET અને TRE-3 સહિત દેશની અનેક મોટી ભરતી પરીક્ષાઓના પેપર લીક મામલે પોતાની સંડોવણી હોવાની સત્તાવાર કબૂલાત કરી લીધી છે. પટણા ખાતે EOU ની કડક પૂછપરછ દરમિયાન સંજીવ મુખિયાએ પોપટની જેમ એક પછી એક પોતાના કાળા કરતુતો ઓકી દીધા છે. મળતી માહિતી મુજબ, તેણે માત્ર એકાદ પરીક્ષા નહીં પરંતુ વર્ષોથી ચાલી આવતા પેપર લીક નેટવર્કનો સ્વીકાર કર્યો છે. પેપર લીકની 'સિન્ડિકેટ' કેવી રીતે ચાલતી? EOU કડીઓ જોડવામાં સક્રિય પૂછપરછ દરમિયાન સંજીવ મુખિયાએ પેપર લીકનું આખું કાળું સામ્રાજ્ય કેવી રીતે ચાલતું હતું, પ્રશ્નપત્રો ક્યાંથી અને કેવી રીતે ચોરી કે લીક કરવામાં આવતા હતા, સોલ્વર ગેંગને કેવી રીતે રોકવામાં આવતી હતી અને લાખો રૂપિયા વસૂલીને ઉમેદવારો સુધી પેપર કેવી રીતે પહોંચાડવામાં આવતા હતા.

## તંત્રી લેખ...


# ચૂંટણી તંત્ર પર ગંભીર સવાલો: મતદાર યાદી સંશોધન (SIR) કે લોકશાહીના પાયા પર ઘાટ? જુઓ દેશમાં શું ચાલી રહ્યું છે ખેલ!

દેશમાં લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા સામે આજે મોટા પ્રશ્નાર્થચિહ્નો ઊભા થઈ રહ્યા છે. સરકારી દાવો છે કે મતદાર યાદીઓ સાફ-સુથરી બનાવવા માટે 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (SIR) ચલાવવામાં આવી રહ્યું છે. પરંતુ વિપક્ષી નેતાઓ, સામાજિક વિશ્લેષકો અને ભૂતપૂર્વ અધિકારીઓ આ આખી કવાયતને લોકશાહીના આત્મા પર પ્રહાર ગણાવી રહ્યા છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે શું આ પ્રક્રિયા માત્ર સુધારા પૂરતી સીમિત છે કે પછી આની પાછળ કોઈ ઊંડો રાજકીય એજન્ડા કામ કરી રહ્યો છે?

SIR ને લઈને ઊભા થયેલા મુખ્ય આક્ષેપો અને આંકડાકીય વિવાદ

ચૂંટણી સુધારાના નામે ચાલી રહેલી આ પ્રક્રિયા અંગે દેશના રાજકીય વર્તુળો અને ચૂંટણી નિષ્ણાતોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે:

મતાધિકારથી વંચિત થવાનો ભય: ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરેશી અને રાજકીય વિશ્લેષક યોગેન્દ્ર યાદવ જેવા અગ્રણી ચહેરાઓએ SIR ની પારદર્શિતા સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. આક્ષેપ છે કે ડ્રાફ્ટ સ્ટેજ પર જ કરોડો મતદારોના નામોની છટણી પ્રક્રિયા હેઠળ છે, જેનાથી આખરી યાદીમાં કરોડો નામો ગાયબ થઈ શકે છે. વંચિત અને ગરીબ વર્ગ પર અસર: વિવેચકોનો દાવો છે કે યાદીમાંથી નામો દૂર કરવાની આ પ્રક્રિયાની સૌથી માઠી અસર લઘુમતીઓ, દલિતો, આદિવાસીઓ, પછાત વર્ગ અને સ્થળાંતરિત




ગરીબ શ્રમિકો પર પડી શકે છે, કારણ કે તેમની પાસે કાગળિયા પૂરા કરવા માટે પૂરતા સાધનો હોતા નથી.

ચૂંટણી પરિણામો અને સત્તાપક્ષ: વિપક્ષનો સીધો આરોપ છે કે જે મતદારો સત્તાધારી પક્ષની વિરુદ્ધમાં મતદાન કરવાની શક્યતા ધરાવે છે, તેમના નામો સિસ્ટમમાંથી દૂર કરવાનો આ એક રાજકીય કીમિયો હોઈ શકે છે. બિહાર, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર અને હરિયાણા જેવી ચૂંટણીઓના ઉદાહરણો આપીને મતદાર યાદીમાં ગડબડના આક્ષેપો સતત થઈ રહ્યા છે.

ઘૂસણખોરીના દાવા અને તંત્રનું વલણ

ચૂંટણી પંચે દાવો કર્યો હતો કે આ કવાયતનો મુખ્ય હેતુ બોગસ મતદારો અને વિદેશી ઘૂસણખોરોના નામ યાદીમાંથી હટાવવાનો છે. પરંતુ ટીકાકારો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે જો આટલી મોટી કવાયત થતી હોય, તો તેના યોગ્ય આંકડા જાહેર કેમ કરવામાં આવતા નથી?

બિહાર જેવા રાજ્યમાં અગાઉ હજારો નામો રદ થવાના દાવા વચ્ચે માત્ર જૂજ સંખ્યામાં જ વિદેશી નાગરિકો મળ્યા હોવાના અહેવાલો આવ્યા હતા. આ સ્થિતિમાં કરોડો સામાન્ય નાગરિકોને પોતાના જ દેશમાં મતાધિકાર સાબિત કરવા માટે લાઈનમાં ઊભા રાખવા કેમ પડે છે, તે મોટો પ્રશ્ન છે.

લોકશાહીના ભવિષ્ય સામે સવાલ

જો દેશનો એક મોટો વર્ગ મતદાર યાદીઓમાંથી બહાર થઈ જાય, તો ન્યાયી અને નિષ્પક્ષ ચૂંટણીની વિભાવના જ જોખમમાં મુકાઈ જાય છે. ન્યાયતંત્ર અને દેશના નાગરિકોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાઓ કોઈ પણ પક્ષપાત વગર કામ કરે અને દેશના દરેક નાગરિકનો 'એક મત, એક મૂલ્ય'નો અધિકાર સુરક્ષિત રહે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# "સ્ત્રીઓને રૂમમાં બંધ કરી દેવામાં આવી હતી..."

## સ્વામિનારાયણ સંપ્રદાય અંગે મહિલાની આકરી ટિપ્પણી – પેરિસની ઘટનાના સંદર્ભે ફરી ઉઠ્યો સ્ત્રી-પુરુષ સમાનતાનો સવાલ

ગુજરાત

પેરિસમાં સામે આવેલી ઘટનાને લઈને દેશભરમાં ચર્ચા અને વિરોધ વચ્ચે હવે સ્વામિનારાયણ સંપ્રદાયમાં મહિલાઓ સાથે થતા કથિત ભેદભાવને લઈને એક મહિલાની આકરી ટિપ્પણી ચર્ચામાં આવી છે. મહિલાએ પોતાના અંગત અનુભવને યાદ કરતાં કહ્યું છે કે વર્ષો પહેલાં બનેલી એક ઘટના તેઓ આજે પણ ભૂલી શક્યા નથી. તેમના જણાવ્યા અનુસાર, તેઓ નંદિગ્રામ ખાતે મકરંદભાઈ અને કુન્દનિકા કાપડિયાને મળવા ગયા હતા. ત્યાં કેટલાક લોકો સાથે મકરંદભાઈ સાથે બેઠા હતા. આ દરમિયાન સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ મકરંદભાઈને મળવા આવવાના હોવાની જાણ થઈ હતી. મહિલાના દાવા મુજબ, સાધુઓ આવવાના હોવાથી ત્યાં હાજર મહિલાઓને બીજા રૂમમાં મોકલીને દરવાજો બંધ કરી દેવામાં આવ્યો હતો. આ ઘટનાને યાદ કરતાં તેમણે કહ્યું કે તે સમયે તેમને કુન્દનિકા બહેન અને મકરંદભાઈ સામે પણ ગુસ્સો આવ્યો હતો. તેમના મનમાં અનેક સવાલો ઊભા થયા હતા, પરંતુ તેમને સંતોષકારક જવાબ મળી શક્યો નહોતો.

"એ દિવસ પછી હું મંદિરમાં ગઈ નથી"

મહિલાએ જણાવ્યું કે આ ઘટના બાદ તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં જવાનું બંધ કરી દીધું. તેમનો મૂળ સવાલ એ છે કે જો કોઈ સાધુને મહિલાઓની હાજરીમાં પોતાના પર નિયંત્રણ રાખવામાં મુશ્કેલી પડે છે, તો મહિલાઓને જ નજરથી દૂર કરવાની પરંપરા શા માટે? તેમણે સાધુઓની આવી વ્યવસ્થા પર સવાલ ઉઠાવતા કહ્યું કે પોતાના પર નિયંત્રણ રાખવું એ જ સાધુત્વની મૂળ કસોટી હોવી જોઈએ.

"હિન્દુ ધર્મમાં સ્ત્રી શક્તિનું સ્થાન ઊંચું છે"

મહિલાએ પોતાના નિવેદનમાં હિન્દુ પરંપરામાં સ્ત્રી શક્તિના મહિમાનો પણ ઉલ્લેખ કર્યો. તેમનું કહેવું છે કે ભારતીય ધાર્મિક પરંપરામાં અનેક જગ્યાએ પુરુષ કરતાં પહેલાં સ્ત્રીનું નામ લેવામાં આવે છે – રાધા-કૃષ્ણ, સીતા-રામ જેવા ઉદાહરણો આપતાં તેમણે સવાલ કર્યો કે જ્યારે સનાતન પરંપરામાં સ્ત્રીને આટલું ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે, ત્યારે મહિલાને માત્ર કોઈ સાધુની હાજરીના કારણે નજર સામેમાંથી દૂર કરવાની જરૂર શા માટે ઊભી થાય? તેમણે આ પ્રથાને સ્ત્રી-પુરુષ સમાનતાના દૃષ્ટિકોણથી પડકારી છે.

"આ માટે આપણે પણ જવાબદાર છીએ"

આ નિવેદનનો સૌથી કડવો સવાલ માત્ર સંપ્રદાય સામે નથી, પરંતુ સમાજ સામે પણ છે. મહિલાએ કહ્યું કે જો કોઈ પરંપરા મહિલાઓને પુરુષોની નજરથી દૂર રાખવાની હોય, તો સમાજના લોકો આવા સાધુઓને પોતાના ઘરે આમંત્રણ શા માટે આપે છે? તેમની પૂજા શા માટે કરે છે? તેમણે એવો મત વ્યક્ત કર્યો કે આવી પરંપરાઓને સ્વીકારવામાં પિતૃસત્તાક માનસિકતા ધરાવતા લોકોની પણ ભૂમિકા હોય છે.

વિરોધ ધર્મનો નહીં, ભેદભાવનો

મહિલાએ સ્પષ્ટતા કરી છે કે તેમનો વિરોધ કોઈ એક સંપ્રદાય, ધર્મ કે માન્યતા સામે નથી. તેમનો વિરોધ એવી માન્યતાઓ અને પરંપરાઓ સામે છે, જેમાં મહિલાઓને હાંસિયામાં ધકેલી દેવામાં આવે અથવા તેમની સ્વતંત્રતા અને સમાનતાને મર્યાદિત કરવામાં આવે. તેમના મતે સમય સાથે સમાજ બદલાયો છે. તેથી સમયની સાથે કેટલીક માન્યતાઓ અને પરંપરાઓમાં પણ પરિવર્તન આવવું જરૂરી છે.

હવે ચર્ચા માત્ર પેરિસની ઘટનાની નથી

પેરિસની ઘટના અંગે ચર્ચા અને વિરોધ પોતાની જગ્યાએ છે, પરંતુ આ નિવેદને ચર્ચાને વધુ મોટા પ્રશ્ન તરફ વાળી છે – ધાર્મિક આસ્થા અને વ્યક્તિગત સ્વતંત્રતા વચ્ચેની સીમા ક્યાં છે?

કોઈ પણ સંપ્રદાયને પોતાની ધાર્મિક માન્યતાઓ જાળવવાનો અધિકાર છે, પરંતુ તે પરંપરાઓનું મૂલ્યાંકન સ્ત્રી-પુરુષ સમાનતા, વ્યક્તિગત ગૌરવ અને બંધારણીય મૂલ્યોના માપદંડથી થવું જોઈએ કે નહીં – આ પ્રશ્ન હવે સમાજ સામે છે.

સાથે જ, કોઈ સંપ્રદાય કે તેના સાધુઓ અંગે કરવામાં આવેલા આક્ષેપોને તથ્ય અને સંદર્ભ સાથે જ જોવાની જરૂર છે. એક વ્યક્તિનો અનુભવ મહત્વપૂર્ણ છે, પરંતુ તેને સમગ્ર સંપ્રદાયના દરેક અનુયાયી કે સાધુ માટે સામાન્ય સત્ય તરીકે ગણવું યોગ્ય નથી.

### પાક્કો ગુજરાતનો સીધો સવાલ

ધર્મમાં આસ્થા રાખવી અલગ બાબત છે અને કોઈ પરંપરાને પ્રશ્ન ન કરવો અલગ બાબત છે. જો કોઈ પરંપરામાં મહિલાઓને માત્ર પુરુષ સાધુઓની હાજરીના કારણે અલગ રૂમમાં મોકલવામાં આવે છે, તો તેની પાછળનું કારણ શું છે? શું ધાર્મિક શિસ્તના નામે મહિલાઓને હાંસિયામાં મૂકવી જરૂરી છે? અને જો સમય બદલાઈ રહ્યો છે, તો શું ધાર્મિક પરંપરાઓમાં પણ સમય સાથે જરૂરી સુધારા માટે સંવાદ થવો જોઈએ? આ સવાલોનો જવાબ વિરોધ કે વિવાદથી નહીં, પરંતુ ખુલ્લી ચર્ચા, સમાનતા અને પરસ્પર સન્માનથી મળવો જોઈએ.

# કાશ્મીરી પંડિત કર્મચારીઓ ફરી ભયના ઓથાર હેઠળ!

આતંકીઓના પત્રથી ફફડાટ: હજારો કર્મચારીઓએ માંગી સુરક્ષા, 12 ફૂટની દીવાલો વચ્ચે ટ્રાન્ઝિટ કેમ્પમાં જીવન – સરકાર સામે ઉઠ્યા ગંભીર સવાલો

**જમ્મુ-કાશ્મીર:**

કાશ્મીરમાં કાશ્મીરી પંડિત કર્મચારીઓની સુરક્ષાને લઈને ફરી એકવાર ચિંતાજનક સ્થિતિ સામે આવી હોવાના અહેવાલોથી ભયનો માહોલ સર્જાયો છે. પેપર કટિંગમાં દર્શાવ્યા મુજબ આશરે 6 હજાર કાશ્મીરી પંડિત કર્મચારીઓ આતંકવાદી ધમકીઓના ભય વચ્ચે જીવન પસાર કરી રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આતંકીઓ તરફથી ફરી પત્ર મોકલવામાં આવ્યો હોવાના અહેવાલ બાદ કાશ્મીરી પંડિત કર્મચારીઓએ સરકાર પાસે સુરક્ષાની માંગ કરી છે.

12 ફૂટ ઊંચી દીવાલોથી ઘેરાયેલા ટ્રાન્ઝિટ કેમ્પમાં રહેતા કર્મચારીઓની સ્થિતિને લઈને પણ ગંભીર સવાલો ઉભા થયા છે. આ કેમ્પો સુરક્ષા માટે બનાવવામાં આવ્યા હોવા છતાં ત્યાં રહેતા લોકો તેને જેલ જેવી પરિસ્થિતિ સાથે સરખાવી રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

### સાંજ પડે એટલે ઘરોમાં કેદ?

અહેવાલ મુજબ આતંકવાદી ધમકીઓના કારણે કેટલાક કર્મચારીઓ સાંજ પડ્યા બાદ ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. કેટલાક કર્મચારીઓ ઓફિસે જવાનું પણ ટાળી રહ્યા હોવાના દાવા સામે આવ્યા છે. એટલું જ નહીં, ભયના કારણે કેટલાક લોકોએ કાશ્મીર છોડવાનો માર્ગ પસંદ કર્યો હોવાના અહેવાલો પણ ચિંતાજનક છે.

એક તરફ સરકાર કાશ્મીરમાં સામાન્ય સ્થિતિ સ્થાપિત થવાના દાવા કરે છે, ત્યારે બીજી તરફ જો સરકારી કર્મચારીઓ જ ભયના વાતાવરણમાં જીવન જીવવા મજબૂર હોય તો સુરક્ષા વ્યવસ્થાની અસરકારકતા અંગે પ્રશ્નો ઊભા થવા સ્વાભાવિક છે.

### 12 ફૂટની દીવાલો... છતાં ભય કેમ?

ટ્રાન્ઝિટ કેમ્પની આસપાસ ઊંચી દીવાલો, સુરક્ષા વ્યવસ્થા અને સરકારી તંત્રની હાજરી હોવા છતાં જો ત્યાં રહેતા લોકોના મનમાંથી ભય દૂર ન થાય તો આ સમગ્ર વ્યવસ્થાનું મૂલ્યાંકન કરવાની જરૂર છે. સુરક્ષા માત્ર દીવાલો ઊભી કરવાથી મળતી નથી. સુરક્ષા ત્યારે કહેવાય જ્યારે વ્યક્તિ નિર્ભય બનીને પોતાના કામે જઈ શકે, પોતાના પરિવાર સાથે સામાન્ય જીવન જીવી શકે અને પોતાની જન્મભૂમિમાં પોતાને અસુરક્ષિત ન અનુભવે. કાશ્મીરી પંડિતો માટે આ માત્ર નોકરી કે રહેઠાણનો પ્રશ્ન નથી. આ તેમની ઓળખ, અસ્તિત્વ, માન-સન્માન અને પોતાની ધરતી સાથે જોડાયેલા અધિકારનો પણ પ્રશ્ન છે.

### પાક્કો ગુજરાતનો સીધો સવાલ

જો ધમકીભર્યા પત્રોના કારણે કર્મચારીઓ ઓફિસે જવાનું ટાળે છે, જો સાંજ પડતા ઘરોમાં રહેવાની ફરજ પડે છે અને જો કોઈ વ્યક્તિ સુરક્ષાના અભાવે પોતાની જન્મભૂમિ છોડવાનું વિચારે છે, તો સવાલ માત્ર કાશ્મીરી પંડિતોનો નથી – સવાલ છે કે આતંક સામે સરકારની નીતિ અને સુરક્ષા વ્યવસ્થા કેટલી અસરકારક છે? આતંકવાદનો જવાબ કાયદાના શાસનથી આપવો જરૂરી છે. કોઈ પણ નિર્દોષ નાગરિકને ધર્મ, ઓળખ કે સમુદાયના આધારે ધમકી આપનાર સામે કડક કાયદેસરની કાર્યવાહી થવી જ જોઈએ.

### પરશુરામની ગાથાથી શક્તિ નહીં, સત્ય અને માનવતાનો સંદેશ

સનાતન પરંપરામાં ભગવાન પરશુરામને અન્યાય સામે સંઘર્ષના પ્રતિક તરીકે યાદ કરવામાં આવે છે. પરંતુ આજના સમયમાં આ ગાથાનો અર્થ કોઈ સમુદાય સામે હિંસા કરવો નહીં, પરંતુ અન્યાય અને આતંક સામે કાયદેસર, નૈતિક અને અડગ રીતે ઊભા રહેવાનો સંદેશ તરીકે સમજવો જરૂરી છે. કાશ્મીરી પંડિતો હોય કે કોઈ પણ ધર્મ અને સમાજના નિર્દોષ લોકો – આતંકવાદ સામે તેમની સુરક્ષા રાજ્યની જવાબદારી છે. ધમકીનો જવાબ ધમકીથી નહીં, આતંકનો જવાબ કાયદાની મજબૂત કાર્યવાહીથી અને નફરતનો જવાબ માનવતાથી આપવો જરૂરી છે.

### મંત્રોચ્ચારની શક્તિનો સાચો અર્થ

સનાતન પરંપરામાં મંત્ર, યજ્ઞ અને આધ્યાત્મિક સાધનાને વિશેષ સ્થાન આપવામાં આવ્યું છે. પરંતુ કોઈ પણ ધાર્મિક શક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ સમાજમાં શાંતિ, સદભાવ, સત્ય અને માનવતાનો સંદેશ ફેલાવવામાં છે. વાલ્મીકિની કથા પણ ભારતીય પરંપરામાં પરિવર્તન અને આત્મજાગૃતિના પ્રતિક તરીકે યાદ કરવામાં આવે છે. તેથી આજે સૌથી મોટો સંદેશ એ હોવો જોઈએ કે જે લોકો આતંકનો માર્ગ અપનાવી રહ્યા છે તેઓ હથિયાર અને હિંસા છોડીને માનવતા, બંધુત્વ અને શાંતિનો માર્ગ અપનાવે.

### હવે જરૂરી છે નિર્ભય કાશ્મીર

કાશ્મીરી પંડિતોને ઊંચી દીવાલોની પાછળ સુરક્ષિત રાખવા કરતાં એવી સ્થિતિ ઉભી કરવાની જરૂર છે જ્યાં તેઓ કોઈ ભય વિના પોતાના કાર્યસ્થળે જઈ શકે અને પોતાની ધરતી પર સામાન્ય નાગરિકની જેમ જીવન જીવી શકે. આતંકવાદીઓની ધમકીથી કોઈ પણ નાગરિકનું જીવન બંધક ન બનવું જોઈએ. કાશ્મીરની ધરતી પર સુરક્ષા માત્ર કેમ્પની દીવાલોની અંદર નહીં, પરંતુ દરેક કાશ્મીરીના મનમાં અનુભવાય – એ જ સાચી શાંતિની કસોટી છે.

### પાક્કો ગુજરાતનો સવાલ:

6 હજાર કર્મચારીઓની સુરક્ષા અંગે સરકાર પાસે શું નક્કર યોજના છે? ધમકીભર્યા પત્રો મોકલનાર તત્વો સામે શું કાર્યવાહી થઈ? અને કાશ્મીરી પંડિતો ક્યારે ફરી નિર્ભય બનીને પોતાની ધરતી પર સામાન્ય જીવન જીવી શકશે?

# 1980ના ભાવ પાછા આવે તો...? ખાંડ, પેટ્રોલ, સોનું, સિમેન્ટથી લઈને મકાન, બસ અને ટ્રેનના ભાડા સુધી – શું આજે પણ લોકો 1980ના ભાવ ઈચ્છે છે?

એક સમય હતો જ્યારે સામાન્ય પરિવાર માટે જીવનની જરૂરિયાતો ખરીદવી આજની સરખામણીએ ઘણી સસ્તી લાગતી હતી. ખાંડ, પેટ્રોલ, સોનું, સિમેન્ટ, મકાન, બસ અને ટ્રેનનું ભાડું – અનેક વસ્તુઓના જૂના ભાવ આજે યાદ કરીએ તો કદાચ આંખો પહોળી થઈ જાય!

હવે એક સવાલ વિચારવા જેવો છે

જો આજે અચાનક ખાંડ, પેટ્રોલ, સોનું, સિમેન્ટ, મકાન, બસ અને ટ્રેનના ભાડા સહિત જીવનજરૂરિયાતની વસ્તુઓના ભાવ 1980ના સમય પ્રમાણે કરી દેવામાં આવે, તો સૌથી પહેલા ખુશ કોણ થશે?

જવાબ કદાચ સીધો છે – સામાન્ય માણસ!

1980ના ભાવની વાત માત્ર ભાવની નથી

1980ના સમયના ભાવની ચર્ચા થાય ત્યારે માત્ર આંકડા જોવાથી આખી હકીકત સમજાતી નથી. તે સમયની આવક, જીવનશૈલી, ટેક્સ, સરકારી નીતિઓ, ઉત્પાદન ખર્ચ અને અર્થવ્યવસ્થા પણ અલગ હતી.

આજે પેટ્રોલના ભાવનો એક-એક રૂપિયો વધે ત્યારે સામાન્ય પરિવારમાં બજેટ હલાવી નાખે છે. વાહન ચલાવવું મોંઘું થાય એટલે તેની અસર માત્ર પેટ્રોલ પૂરતી રહેતી નથી.

પેટ્રોલ મોંઘું થાય એટલે–

* પરિવહન ખર્ચ વધે
* શાકભાજી અને અનાજના ભાવ પર અસર પડે
* દૂધ અને રોજિંદી વસ્તુઓ મોંઘી થઈ શકે
* વેપારીઓનો ખર્ચ વધે
* અને અંતે ભાર સામાન્ય ગ્રાહકના ખિસ્સા પર આવે.

સોનાની વાત આવે તો

1980ના સમયના સોનાના ભાવ અને આજના સોનાના ભાવ વચ્ચેનો તફાવત જોવામાં આવે તો સામાન્ય માણસને કદાચ સૌથી મોટો ઝટકો અહીં જ લાગે.

આજે મધ્યમવર્ગીય પરિવાર માટે દીકરીના લગ્નમાં સોનું ખરીદવું પણ મોટું આર્થિક આયોજન બની ગયું છે.

જો સોનું પણ 1980ના ભાવ પ્રમાણે મળી જાય તો?

લગ્નનું બજેટ બનાવતા કેટલાય પરિવાર કદાચ કહેશે–

"આવું તો અમને પણ ગમે!"

પરંતુ સવાલ એ છે કે શું તે સમયની આખી આર્થિક વ્યવસ્થા પણ પાછી લાવી શકાય?

સિમેન્ટ અને મકાનના ભાવ – સૌથી મોટો સવાલ

આજે સામાન્ય માણસ માટે સૌથી મોટી ચિંતા પૈકી એક છે પોતાનું ઘર.

જમીનના ભાવ, સિમેન્ટ, સ્ટીલ, મજૂરી, ઈલેક્ટ્રિકલ કામ, પ્લમ્બિંગ અને અન્ય બાંધકામ ખર્ચ – બધું મળીને ઘર બનાવવાનું સપનું કરોડો નહીં તો લાખોના બજેટ સુધી પહોંચી જાય છે.

જો સિમેન્ટ અને બાંધકામ સામગ્રી 1980ના ભાવ પ્રમાણે મળી જાય, જમીનના ભાવ પણ જૂના સમય જેવા હોય અને મકાનનું બાંધકામ એટલું જ સસ્તું હોય

તો કદાચ "પોતાનું ઘર" માત્ર સપનું નહીં પરંતુ સામાન્ય પરિવારની પહોંચમાં રહેલી હકીકત બની જાય.

બસ અને ટ્રેનનું ભાડું પણ 1980 મુજબ?

આજે રોજ કામ પર જવા, ભણવા કે વ્યવસાય માટે મુસાફરી કરતા લોકો માટે પરિવહનનો ખર્ચ પણ પરિવારના માસિક બજેટનો મહત્વનો ભાગ બની ગયો છે.

બસનું ભાડું હોય કે ટ્રેનનું ટિકિટ

નાના અંતરની મુસાફરીમાં પણ વારંવાર થતો ખર્ચ મહિનાના અંતે મોટો આંકડો બની જાય છે.

જો બસ અને ટ્રેનના ભાડા પણ 1980ના સ્તરે આવી જાય તો રોજિંદા મુસાફરોને ચોક્કસ રાહત અનુભવાય.

પણ પાક્કો ગુજરાતનો સવાલ અહીંથી શરૂ થાય છે

શું આપણે માત્ર 1980ના ભાવ જોઈએ છીએ?

કે પછી 1980ની આવક, રોજગાર, સરકારી સુવિધાઓ, ટેકનોલોજી, મોંઘવારી અને આખી આર્થિક પરિસ્થિતિ પણ સાથે જોઈએ?

કારણ કે સમય બદલાયો છે.

આવક વધી છે, પરંતુ તેની સાથે ખર્ચ પણ અનેકગણો વધ્યો છે. ટેકનોલોજી આગળ વધી છે, જીવનધોરણ બદલાયું છે, પરંતુ સામાન્ય માણસની એક ફરિયાદ આજે પણ એ જ છે–

"આવક કરતાં ખર્ચ ઝડપથી કેમ વધી રહ્યો છે?"

આ પ્રશ્નનો જવાબ માત્ર જૂના ભાવ યાદ કરવામાં નથી.

જવાબ એમાં છે કે સામાન્ય પરિવારને એવી આર્થિક વ્યવસ્થા મળે જ્યાં આવક અને જીવનજરૂરિયાતના ખર્ચ વચ્ચે સંતુલન રહે.

1980ના ભાવ પાછા નહીં આવે, પરંતુ

કદાચ સમયને પાછળ લઈ જવો શક્ય નથી.

પરંતુ સરકારો અને નીતિનિર્માતાઓ પાસે એટલી શક્તિ ચોક્કસ છે કે જરૂરી ચીજવસ્તુઓ પરનો બોજ ઓછો કરી શકાય, જાહેર પરિવહનને સસ્તું અને સુલભ બનાવી શકાય, આવાસ સામાન્ય માણસની પહોંચમાં લાવી શકાય અને મોંઘવારી સામે અસરકારક પગલાં લઈ શકાય. કારણ કે અંતે વિકાસનો સાચો અર્થ માત્ર મોટા આંકડા નથી. વિકાસ ત્યારે કહેવાય જ્યારે સામાન્ય માણસ મહિને એકવાર પગાર મળ્યા પછી મહિનાના અંત સુધી પૈસા બચાવીને જીવી શકે.

તો હવે સવાલ તમારો છે

જો ખાંડ, પેટ્રોલ, સોનું, સિમેન્ટ, મકાન, બસ અને ટ્રેનના ભાડા સહિત જીવનજરૂરિયાતની વસ્તુઓના ભાવ 1980 પ્રમાણે થઈ જાય – તો તમને ગમશે કે નહીં?


# 'દેશના તમામ મોટા કાર્યક્રમો ગુજરાતમાં જ કેમ?': નેશનલ ફિલ્મ એવોર્ડ્સ મામલે રાજ ઠાકરેએ ઉઠાવ્યા સવાલો

નેશનલ ફિલ્મ એવોર્ડ્સ સમારોહને 72 વર્ષમાં પહેલીવાર દેશની રાજધાની દિલ્હીથી ગુજરાતના કેવડિયા ખસેડવામાં આવતા મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના વડા રાજ ઠાકરેએ કેન્દ્ર સરકાર સામે આકરા પ્રહારો કર્યા છે. આ નિર્ણય સામે તીવ્ર નારાજગી વ્યક્ત કરતાં તેમણે આક્ષેપ કર્યો છે કે દેશની આર્થિક રાજધાની મુંબઈના મહત્વને ઘટાડવાના પ્રયાસો તો લાંબા સમયથી ચાલી જ રહ્યા છે, પરંતુ હવે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીનું મહત્વ પણ ધીમે ધીમે ઓછું કરવાની કોશિશ શરૂ થઈ ગઈ છે. કેન્દ્રની ભાજપ સરકાર પર નિશાન સાધતા તેમણે કહ્યું કે જ્યારે તમે જાતે કશું નવું સર્જન નથી કરી શકતા, ત્યારે જૂની પરંપરાઓ, નામો અને સ્થળો બદલીને એક ભ્રામક ઈતિહાસ રચવાનો પ્રયાસ કરો છો. રાજ ઠાકરેએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, 'નેશનલ ફિલ્મ એવોર્ડ્સના 72 વર્ષના ઈતિહાસમાં પહેલીવાર આ સમારોહ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીથી ગુજરાતના કેવડિયા ખાતે ખસેડવામાં આવી રહ્યો છે. દેશની આર્થિક રાજધાની મુંબઈનું કદ નાનું કરવાના સંગઠિત પ્રયાસો તો ચાલી જ રહ્યા છે, હવે રાષ્ટ્રીય રાજધાનીનું મહત્વ પણ ઘટાડવાનું શરૂ થયું છે. આ એવોર્ડ સમારોહને ખસેડવા પાછળનું અસલ કારણ શું છે? એવું લાગે છે કે, પોતાના દમ પર કશું નવું બનાવી ન શકવાના કારણે, નામ અને સ્થળો બદલીને ભ્રામક ઈતિહાસ ઊભો કરવાની આ વ્યૂહરચના છે. કદાચ કેન્દ્રમાં સત્તા પર બેઠેલા બે નેતાઓને એવો અહેસાસ થઈ ગયો છે કે તેમનો પ્રભાવ ભવિષ્યમાં માત્ર ગુજરાત પૂરતો જ સીમિત રહી જશે.

# ભારતે નેપાળ માટે 8મી વખત રાહત સામગ્રીનો જથ્થો મોકલ્યો

## 35 ટન રાહત સામગ્રી કાઠમંડુ પહોંચી, પૂરમાં અત્યાર સુધીમાં 1367 મૃતદેહો મળ્યા

કાઠમંડુ



નેપાળમાં ભયાનક પૂર પછી ભારતે 35 ટન રાહત અને બચાવ સામગ્રીની 8મી ખેપ મોકલી. ભારતીય વાયુસેનાનું વિમાન બુધવારે કાઠમંડુ પહોંચ્યું. આ સાથે ભારત અત્યાર સુધીમાં 130 ટનથી વધુ રાહત સામગ્રી મોકલી ચૂક્યું છે. તેમાં તંબુ, ધાબળા, હાઈજીન કીટ, સોલર લેમ્પ, દવાઓ અને બચાવ ઉપકરણોનો સમાવેશ થાય છે. ભારતે 26 ઓગસ્ટે રાહત અભિયાન શરૂ કર્યું હતું. નેપાળ પોલીસનાં જણાવ્યા અનુસાર, પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં 1367 મૃતદેહો મળી આવ્યા છે. 102 મૃતદેહોની ઓળખ થઈ ચૂકી છે. ઓળખ માટે DNA સેમ્પલ એકત્રિત કરવામાં આવી રહ્યા છે અને ભારત સહિત ઘણા દેશોના ફોરેન્સિક નિષ્ણાતો મદદ કરી રહ્યા છે. ચિલિમે ટનલમાં 105 મીટર સુધી પહોંચી નેપાળી-ભારતીય સેનાની ટીમ રસુવા જિલ્લાના ચિલિમે હાઈડ્રોપાવર પ્રોજેક્ટમાં નેપાળી અને ભારતીય સેનાની ટીમ સંયુક્ત રીતે સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન ચલાવી રહી છે. ટીમ અત્યાર સુધી સર્વિસ ટનલની અંદર લગભગ 105 મીટર સુધી પહોંચી ગઈ છે. પ્રોજેક્ટ સુધી જતા રસ્તા પરથી કાટમાળ હટાવવાનું કામ પણ ચાલી રહ્યું છે. અસરગ્રસ્ત વિસ્તારની બંને બાજુએ અવરજવર માટે રોપ લાઈન લગાવી દેવામાં આવી છે. પૂર આવ્યું તે જ દિવસે નેપાળી સેનાની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમે પહેલાં વિસ્તારનું નિરીક્ષણ કર્યું અને પછી ટનલના મુખમાંથી માટી અને કાટમાળ હટાવીને અંદર ગઈ. અહીંથી બે લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. રેસ્ક્યુ ઓપરેશનને ઝડપથી આગળ વધારવા માટે, ઘટનાસ્થળે હાજર એક્સકેવેટરની સાથે બોબકેટ એક્સકેવેટરને પણ સતત કાટમાળ હટાવવા અને ખોદકામમાં લગાવવામાં આવ્યું છે.



# ઈડર APMCમાં ભાજપને મેન્ડેટ આપવાનું ભારે પડ્યું કારમી હાર

**વિજય બાદ સતિષભાઈ પટેલે જણાવ્યું હતું કે, "આ જીત મારી નથી, ખેડૂતોની જીત છે. ઈડર તાલુકાના ખેડૂતોએ મારા પર અને અમારી વાત પર જે વિશ્વાસ મૂક્યો તેના કારણે આ વિજય શક્ય બન્યો છે. APMCમાં પાર્ટી દ્વારા મેન્ડેટની પ્રથા લાવવામાં આવી હતી, જેના કારણે અમે નારાજ હતા. APMC જેવા ક્ષેત્રમાં મેન્ડેટની પ્રથા ન હોવી જોઈએ છતાં ખેડૂતોની અવગણના કરીને મેન્ડેટ લાગુ કરવામાં આવ્યો. જેના કારણે અમારે અલગ પેનલ બનાવી ચૂંટણી લડવી પડી."**



ઈડર, જાકીર મેમણ

સતિષભાઈ પટેલની આગેવાની હેઠળની 'ખેડૂત એકતા પેનલ'નો ભવ્ય વિજય, દસેય ઉમેદવારો વિજયી બનતાં ભાજપના ખેમામાં સોપો.ઈડર તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC)ની ચૂંટણીના પરિણામોએ ઈડરના રાજકારણમાં ભારે ગરમાવો લાવી દીધો છે. ભાજપ દ્વારા પ્રથમ વખત મેન્ડેટ પદ્ધતિથી પેનલને ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવી હતી, જેને 'ખેડૂત વિકાસ પેનલ' નામ આપવામાં આવ્યું હતું. જોકે, મેન્ડેટના નિર્ણયથી નારાજ થયેલા ભાજપ સાથે જોડાયેલા કાર્યકરો અને આગેવાનોએ સતિષભાઈ પટેલની આગેવાની હેઠળ 'ખેડૂત એકતા પેનલ' બનાવી ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું. બીજી તરફ કોંગ્રેસ સમર્થિત ઉમેદવારો પણ મેદાનમાં હતા. બુધવારે 991 મતદારોએ મતદાન કરી ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ કર્યું હતું. આજે સવારે 9 વાગ્યાથી APMC ખાતે મતગણતરી શરૂ કરવામાં આવી હતી. મતગણતરી શરૂ થતાં જ સવારથી APMC ખાતે ઉમેદવારો અને સમર્થકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ભાજપના આગેવાનો પણ પોતાની પેનલના ઉમેદવારો વિજયી બનશે તેવા વિશ્વાસ સાથે મતગણતરી સ્થળે પહોંચ્યા હતા.મતગણતરીના રાઉન્ડ આગળ વધતા ચિત્ર ધીમે ધીમે બદલાતું ગયું હતું. ખેડૂત એકતા પેનલના ઉમેદવારો સતત આગળ રહેતાં ભાજપ પ્રેરિત ખેડૂત વિકાસ પેનલના ઉમેદવારોની આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. અંતે પરિણામ જાહેર થતાં સતિષભાઈ પટેલની આગેવાની હેઠળની ખેડૂત એકતા પેનલના દસેય ઉમેદવારો વિજયી બન્યા હતા. આ પરિણામથી ભાજપના ખેમામાં સોપો પડી ગયો હતો અને ચૂંટણીમાં ભાજપના સંગઠન સામે અનેક સવાલો ઊભા થયા છે. પરિણામ જાહેર થતાં જ APMC પરિસરમાં સતિષભાઈ પટેલના સમર્થકો દ્વારા ફટાકડા ફોડી વિજયની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર વિસ્તારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. વિજય બાદ સતિષભાઈ પટેલે જણાવ્યું હતું કે, "આ જીત મારી નથી, ખેડૂતોની જીત છે. ઈડર તાલુકાના ખેડૂતોએ મારા પર અને અમારી વાત પર જે વિશ્વાસ મૂક્યો તેના કારણે આ વિજય શક્ય બન્યો છે. APMCમાં પાર્ટી દ્વારા મેન્ડેટની પ્રથા લાવવામાં આવી હતી, જેના કારણે અમે નારાજ હતા. APMC જેવા ક્ષેત્રમાં મેન્ડેટની પ્રથા ન હોવી જોઈએ છતાં ખેડૂતોની અવગણના કરીને મેન્ડેટ લાગુ કરવામાં આવ્યો. જેના કારણે અમારે અલગ પેનલ બનાવી ચૂંટણી લડવી પડી." તેમણે વધુમાં સતિષભાઈ પટેલે જણાવ્યું હતું કે, "અમે મૂળ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો જ છીએ, પરંતુ કેટલાક બની બેઠેલા આગેવાનોના કારણે અમારે અલગ પેનલ બનાવવાની ફરજ પડી હતી.

## ત્રણના મોતના અકસ્માતનો ભેદ ઉકેલાયો: અજાણ્યા ટ્રક ચાલક સુધી પહોંચી આમોદ પોલીસ

### 3,000 જેટલા CCTV ફૂટેજ અને 8 ઇલેક્ટ્રિક કારના ડેશબોર્ડ કેમેરા તપાસ્યા બાદ કર્ણાટકના ટ્રક તથા ચાલક સુધી પહોંચી પોલીસ

ભરૂચ, રંગુની જાકીર

માતર નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર અકસ્માત સર્જી ત્રણ લોકોના મોત નીપજાવ્યા બાદ ફરાર થયેલા અજાણ્યા ટ્રક અને તેના ચાલકને શોધી કાઢવામાં આમોદ પોલીસને મોટી સફળતા મળી છે. ગંભીર અકસ્માતનો ભેદ ઉકેલવા પોલીસે દિવસ-રાત સળંગ તપાસ કરી અંતે મોરબી ખાતેથી ટ્રક તથા તેના ચાલકને ઝડપી પાડ્યો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને ગંભીરતાથી લઈ આમોદ પોલીસની ટીમે માત્ર ઘટનાસ્થળ આસપાસના CCTV પર આધાર રાખવાને બદલે તપાસનો વ્યાપ અનેક વિસ્તારો સુધી લંબાવ્યો હતો. પાદરા, માતર, વાસદ, વડોદરા, કીમ, દોડકા અને દહેગામ સહિતના વિવિધ ટોલનાકાઓના આશરે 3,000 જેટલા CCTV ફૂટેજની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. પોલીસે આટલેથી પણ તપાસ અટકાવી નહોતી.


ઘટનાના સમયગાળા દરમિયાન પસાર થયેલી આઠ જેટલી ઈલેક્ટ્રિક કારના ડેશબોર્ડ કેમેરાના ફૂટેજ પણ ચકાસવામાં આવ્યા હતા. અનેક કલાકોની મહેનત, ટેક્નિકલ સર્વેલન્સ અને સતત તપાસના આધારે પોલીસ ટીમ અકસ્માતમાં સંડોવાયેલા ટ્રક સુધી પહોંચી હતી. તપાસ દરમિયાન અકસ્માતમાં સંડોવાયેલો ટ્રક કર્ણાટકનો હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ પોલીસ ટીમે વધુ તપાસ હાથ ધરી ટ્રક તથા તેના ચાલકનું ચોક્કસ લોકેશન શોધી કાઢ્યું.

#### ઝગડિયાના રાજપારડી - માધવપુરા રેલવે ગરનાળામાં

## કાયમી જળભરાવથી જનજીવન અસ્તવ્યસ્ત : ઉકેલ નહીં આવે તો આમરણાંત ઉપવાસની સ્થાનિકોની ચીમકી

રાજપારડી, ઈરફાન ખત્રી

ઝગડિયા તાલુકાના રાજપારડી ગામ નજીક આવેલા માધવપુરા વિસ્તારના રેલવે ગરનાળામાં કાયમી ધોરણે ભરાઈ રહેતા ગંદા અને દુર્ગંધ મારતા પાણીના કારણે સ્થાનિક રહીશો તેમજ વાહનચાલકોની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા મુખ્ય માર્ગથી માધવપુરા વિસ્તાર તરફ જવાનો આ એકમાત્ર મુખ્ય રસ્તો હોવાથી, અહીંના હજારો નાગરિકો રોજબરોજ આ દુર્ગંધયુક્ત પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા છે. ગરનાળામાં પાણીના યોગ્ય નિકાલની કોઈ જ વ્યવસ્થા ન હોવાના



કારણે ચોમાસા સિવાયના દિવસોમાં પણ વર્ષના ૧૨ મહિના અને ૨૪ કલાક અહીં ખાડાઓ અને જળભરાવની સ્થિતિ જળવાઈ રહે છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, જ્યારથી આ ગરનાળાનું નિર્માણ થયું છે ત્યારથી જ પાણી આગળ જવાને બદલે પાછું આવી રહ્યું છે, જે તંત્રની બેદરકારી અને નબળા આયોજનની વાત છતી કરે છે. હાલમાં આ રેલવે લાઈન પર ટ્રેન વ્યવહાર ચાલુ ન હોવા છતાં, માત્ર તંત્રની નિષ્ક્રિયતાના કારણે નિર્દોષ નાગરિકોએ અસહ્ય યાતનાઓ ભોગવવાનો વારો આવ્યો છે.માધવપુરા વિસ્તારના ગરનાળામાં સતત ભરાઈ રહેતા ગંદા પાણીના કારણે સમગ્ર વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ ચિંતાજનક હદે વધ્યો છે અને ગંભીર રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી સંભાવના ઊભી થઈ છે, જેનાથી રહીશોમાં ભારે ફાળ પડી છે. આ ગંભીર મુદ્દે સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતા માગણી કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ગરનાળામાંથી પાણીના કાયમી નિકાલ માટે ડ્રેનેજ કે પમ્પિંગની સુવિધા કરવામાં આવે તથા સ્થાનિકોની સુગમ અવરજવર માટે યોગ્ય વૈકલ્પિક રસ્તાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે. અત્રે ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં જ્યારેઅંક લેશ્વર-રાજપીપળા ટ્રેન સેવા ચાલુ હતી, ત્યારે પણ આ જ ગરનાળામાં પાણી ભરાવાની સમસ્યા વિકટ બનતા આક્રોશિત સ્થાનિકોએ 'રેલ રોકો' આંદોલન કરીને તંત્રને ઢંઢોળવાનો પ્રયાસ કર્યો હતો. તે સમયે આંદોલનના દબાણ હેઠળ આવીને તંત્રએ રાતોરાત મશીનરી મૂકીને પાણીનો નિકાલ કર્યો હતો.

#### ભાજપની આ જીતથી કોંગ્રેસને છાવણીમાં હતાસા છવાઈ

## છોટાઉદેપુર જીલ્લાના નસવાડી APMC ની ખેડૂત વિભાગ ની 10 બેઠકોની ચૂંટણીમાં ભાજપ ના બળવા ખોરો અને કોંગ્રેસનો સફાયો

નસવાડી, ઇમરાન મિર્ઝા

નસવાડી APMC ખેતી વાડી ઉત્પન્ન બજાર સમિતી ખેડૂત વિભાગ માં 10 બેઠકો માટે 20 ઉમેદવારો મેદાન માં હતા જેમાં 533 માંથી 516 મતદારો મતદાન કર્યું હતું ગુરુવાર ના રોજ સવાર ના 9 વાગ્યા થી મતગણતરી શરૂ થઈ હતી અને 19 રાઉન્ડમા એક પછી એક રાઉન્ડની મત ગણતરી થઈ હતી જેમાં 462 મત માન્ય રહ્યા હતા 54 મત રદ થયા હતા જેમાં શરૂવાતથી ભાજપ પ્રેરિત પેનલના ઉમેદવારો આગળ રહ્યા હતા અને આખરે ભાજપ પ્રેરિત પેનલ ના 10 ઉમેદવારોનો વિજય થયો હતો જયારે કોંગ્રેસ અને ભાજપના



નેતાઓ ભેગા થઈને બળવા ખોર પેનલ બનાવી હતી તે તમામની હાર થઈ હતી અને એક ઉમેદવાર અપક્ષ તરીકે મેદાન હતો જયારે મતગણતરી પૂણ થયાં બાદ 9 ઉમેદવારોની ડિપોઝીટ પણ ડૂલ થઈ હતી હાલ તો નસવાડી માં APMC ઉપર ભાજપ નો કબજો થયો છે આની પાછળ બરોડા ડેરીના ઉપપ્રમુખ જી.બી.સોલંકી અને માજી ધારાસભ્ય ધીરૂભાઈ ભીલની મુખ્ય ભૂમિકા રહી છે જયારે ભાજપ પ્રેરિત દરેક ઉમેદવારોને અલગ અલગ મતનો આંકડો જોવા મળ્યો હતો પ્રથમ નંબર ઉપર ચૌહાણ ગોપાલસિંહ શિવસિંહનાઓને 425 હાઈસ્ટ મત અને બીજા નંબર ઉપર સોલંકી લક્ષ્મણસિંહ ઈન્દ્રસિંહ 424 મત મળ્યા હતા જયારે 54 મત રદ થતા ભાજપ પ્રેરિત ઉમેદવારોએ મતગણતરી બાદ ફરીથી રદ મતોની ચકાસણી માટે વાંધો ઉઠાવ્યો હતો પરંતુ ચૂંટણી અધિકારીએ સિક્કો બરાબર બેલેટ ઉપર વાગ્યો ના હોવાના કારણે વાંધો નકારી કાઢ્યો હતો આખરે વિજય બાદ ભાજપના તમામ ઉમેદવારો અને કાર્યકર્તા સહીત ચાહકોએ વિજય ઉત્સાહ મનાવ્યો હતો અને એક બીજાનું મોઢું મીઠુ કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## "18 મી લોકસભા વર્ષ 2025-26 માટે ઉત્કૃષ્ટ સંસદીય કામગીરી બદલ પૂર્વ રાજ્યસભા સાંસદ(ગુજરાત) નરહરિ અમીનને સાંસદ રત્ન એવોર્ડ એનાયત થયો"

પ્રાઈમ પોઈન્ટ ફાઉન્ડેશન દ્વારા તા.09 સપ્ટેમ્બર, 2026નાં રોજ નવી દિલ્હી ખાતે 16માં સાંસદરત્ન એવોર્ડ્સ - 2026 નાં વિતરણનો કાર્યક્રમ માનનીય કેન્દ્રિય કોલસા અને ખાણ મંત્રી શ્રી જી. કિશન રેડ્ડીનાં અધ્યક્ષ સ્થાને તેમજ માનનીય કેન્દ્રિય રા. ક. મંત્રીશ્રી શિક્ષણ અને પૂર્વોતર રીજીયન વિકાસ ડૉ. સુકન્તા મજુમદાર, ભારતના પૂર્વ ચીફ જસ્ટીસ માનનીય શ્રી બી. આર. ગવાઈ અને NCBC ના પૂર્વ ચેરમેન એવોર્ડ માટેની જ્યુરી કમિટીનાં ચેરમેન શ્રી હંસરાજ જી. આહીર અને સભ્યશ્રી અને સંસદસભ્યશ્રી ભર્તૃહરિ મહતાબ નાં વરદહસ્તે અને પ્રાઈમ પોઈન્ટ ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રીનિવાસન અને સાંસદ રત્ન એવોર્ડ કમિટીનાં ચેરમેન સુ.શ્રી પ્રિયદર્શીની રાહુલની વિશેષ ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો. 18 મી લોકસભા વર્ષ 2025-26 માટે બજેટસત્રના અંત સુધી સંસદમાં કરેલી શાનદાર કામગીરી, પ્રશ્નોત્તરી અને ચર્ચાઓમાં ભાગીદારીના આધારે ઉત્કૃષ્ટ સંસદીય કામગીરી બદલ પૂર્વ





રાજ્યસભા સાંસદ (ગુજરાત) અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નરહરિ અમીનને આ એવોર્ડ આપવામાં આવ્યો ભારતનાં પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામની પ્રેરણાથી પ્રાઈમ પોઈન્ટ ફાઉન્ડેશન દ્વારા વર્ષ 2010 થી આ એવોર્ડ ફંક્શનની શરૂઆત કરવામાં આવી છે.

## ત્રણના મોતના અકસ્માતનો ભેદ ઉકેલાયો: અજાણ્યા ટ્રક ચાલક સુધી પહોંચી આમોદ પોલીસ

### 3,000 જેટલા CCTV ફૂટેજ અને 8 ઇલેક્ટ્રિક કારના ડેશબોર્ડ કેમેરા તપાસ્યા બાદ કર્ણાટકના ટ્રક તથા ચાલક સુધી પહોંચી પોલીસ

ભરૂચ, રંગુની જાકીર

માતર નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર અકસ્માત સર્જી ત્રણ લોકોના મોત નીપજાવ્યા બાદ ફરાર થયેલા અજાણ્યા ટ્રક અને તેના ચાલકને શોધી કાઢવામાં આમોદ પોલીસને મોટી સફળતા મળી છે. ગંભીર અકસ્માતનો ભેદ ઉકેલવા પોલીસે દિવસ-રાત સળંગ તપાસ કરી અંતે મોરબી ખાતેથી ટ્રક તથા તેના ચાલકને ઝડપી પાડ્યો હોવાનું જાણવા મળ્યું છે.




ઘટનાને ગંભીરતાથી લઈ આમોદ પોલીસની ટીમે માત્ર ઘટનાસ્થળ આસપાસના CCTV પર આધાર રાખવાને બદલે તપાસનો વ્યાપ અનેક વિસ્તારો સુધી લંબાવ્યો હતો. પાદરા, માતર, વાસદ, વડોદરા, કીમ, દોડકા અને દહેગામ સહિતના વિવિધ ટોલનાકાઓના આશરે 3,000 જેટલા CCTV ફૂટેજની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. પોલીસે આટલેથી પણ તપાસ અટકાવી નહોતી. ઘટનાના સમયગાળા દરમિયાન પસાર થયેલી આઠ જેટલી ઈલેક્ટ્રિક કારના ડેશબોર્ડ કેમેરાના ફૂટેજ પણ ચકાસવામાં આવ્યા હતા. અનેક કલાકોની મહેનત, ટેક્નિકલ સર્વેલન્સ અને સતત તપાસના આધારે પોલીસ ટીમ અકસ્માતમાં સંડોવાયેલા ટ્રક સુધી પહોંચી હતી. તપાસ દરમિયાન અકસ્માતમાં સંડોવાયેલો ટ્રક કર્ણાટકનો હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ પોલીસ ટીમે વધુ તપાસ હાથ ધરી ટ્રક તથા તેના ચાલકનું ચોક્કસ લોકેશન શોધી કાઢ્યું અને મોરબી ખાતેથી ટ્રક તથા ચાલકની અટકાયત કરી સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી. આ સમગ્ર કામગીરીમાં આમોદ પોલીસ ઈન્સ્પેક્ટર આર. બી. કરમટિયા તથા તેમની ટીમની સળંગ, સંકલિત અને ટેક્નિકલ તપાસ મહત્વપૂર્ણ રહી હતી. હજારો CCTV ફૂટેજની તપાસથી લઈને ડેશબોર્ડ કેમેરાના ફૂટેજ સુધી પહોંચવું અને ત્યારબાદ રાજ્ય બહારના ટ્રકને શોધી તેના ચાલક સુધી પહોંચવું– આમોદ પોલીસની સતર્કતા, ટેક્નિકલ તપાસની કુશળતા અને ગુનો ઉકેલવા માટેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે.

## આમોદ તાલુકામાં ઝીંગા તળાવોની ભરમાર વચ્ચે કાર્યવાહી ક્યારે? મંજૂરી વગરના કે નિયમભંગ કરતા તળાવો સામે તંત્રની આંખ ક્યારે ખુલશે?

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં ઝીંગા તળાવોને લઈને અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. ખાસ કરીને દેણવા સહિતના વિસ્તારોમાં તળાવોની મંજૂરી, જમીન ફાળવણી અને નિયમોના પાલન અંગે પારદર્શક તપાસની માંગ ઉઠી રહી છે. સવાલ એ છે કે કયા ઝીંગા તળાવને કેટલી જમીન ફાળવવામાં આવી છે? કયા તળાવને કાયદેસર મંજૂરી આપવામાં આવી છે અને કેટલા તળાવો નિયમોના દાયરામાં છે? જો કોઈ તળાવ મંજૂર વિસ્તાર કરતાં વધુ જમીનમાં બનાવાયું હોય અથવા સરકારી જમીનનો નિયમવિરુદ્ધ ઉપયોગ થતો હોય તો તેની સ્થળ તપાસ અને દસ્તાવેજોની ચકાસણી કોણ કરશે? દેણવા સહિત આમોદ તાલુકામાં



ઝીંગા તળાવોને લઈને જો નિયમભંગ થયો હોય તો સ્થળ તપાસ, જમીનના રેકોર્ડની ચકાસણી અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી ક્યારે થશે? ફરિયાદો અને રજૂઆતો છતાં તંત્ર માત્ર કાગળ પરની કાર્યવાહીથી સંતોષ માનશે કે પછી વાસ્તવિક સ્થળ તપાસ કરી ગેરરીતિ જણાય તો તળાવો સામે કાર્યવાહી કરશે?

આખરે સરકારી જમીનના એક-એક ઈંચ અને મંજૂર થયેલા દરેક ઝીંગા તળાવનો હિસાબ જાહેર કરવાનો જવાબદાર કોણ?

#### નડિયાદમાં Progressives શોરૂમનો ફરાર મેનેજર રાજન કોણ?

## લાખો રૂપિયાની છેતરપિંડી બાદ મેનેજર ફરાર હોવાનો આક્ષેપ : રાજનનો ફોટો સૌથી પહેલા 'પાક્કો ગુજરાત' પાસે!

નડિયાદ

નડિયાદમાં Progressives શોરૂમ સાથે જોડાયેલા એક ચોંકાવનારા મામલાએ ચર્ચા જગાવી છે. શોરૂમના મેનેજર રાજન સામે લોકોના લાખો રૂપિયા લઈને ફરાર થઈ ગયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સમગ્ર મામલો સામે આવ્યા બાદ હવે ફરિયાદીઓની નજર પોલીસની કાર્યવાહી પર છે.

'પાક્કો ગુજરાત'ને મળેલી માહિતી મુજબ, શોરૂમના મેનેજર તરીકે કામ કરતો રાજન લોકો પાસેથી લાખો રૂપિયાની રકમ લીધા બાદ ફરાર થઈ ગયો હોવાનો આક્ષેપ છે.



આ સમગ્ર મામલામાં જે વ્યક્તિનું નામ સામે આવી રહ્યું છે, તેનો ફોટો સૌથી પહેલા 'પાક્કો ગુજરાત' પાસે આવ્યો છે.

જુઓ આ જ છે રાજન – જેના પર લોકોના લાખો રૂપિયા લઈને ફરાર થઈ જવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

હવે સૌથી મોટો સવાલ એ છે કે આ વ્યક્તિ હાલ ક્યાં છે? તે નડિયાદ છોડીને ક્યાં ગયો? અને જે લોકોની મહેનતની કમાણી ફસાઈ હોવાનો આક્ષેપ છે, તેમની રકમ ક્યારે પરત મળશે?

આ મામલે હવે પોલીસ તપાસ મહત્વપૂર્ણ બની છે. જો ફરિયાદ નોંધાઈ છે અથવા વધુ ફરિયાદો સામે આવે છે, તો પોલીસ દ્વારા આરોપી સુધી પહોંચવા માટે ટેકનિકલ અને અન્ય તપાસ હાથ ધરવામાં આવી શકે છે.

સાથે જ આ સમગ્ર મામલામાં કેટલા લોકો પાસેથી કેટલી રકમ લેવામાં આવી હતી અને આ કથિત છેતરપિંડી પાછળ અન્ય કોઈ વ્યક્તિની ભૂમિકા છે કે નહીં, તે પણ તપાસનો વિષય બની શકે છે.

લોકોની મહેનતની કમાણી સાથે જોડાયેલો કોઈ પણ મામલો ગંભીર છે. જો ખરેખર લોકો પાસેથી રકમ લેવામાં આવી હોય અને ત્યારબાદ મેનેજર ફરાર થયો હોય, તો સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે. પરંતુ આક્ષેપો સાચા છે કે નહીં તેનો અંતિમ નિર્ણય તપાસ અને કાયદાકીય પ્રક્રિયા બાદ જ થઈ શકે છે.

## છોટાઉદેપુરમાં ACBની મોટી કાર્યવાહી: ટ્રેક્ટર સબસીડીના ચેક માટે ₹7,હજારની લાંચ લેતા ગ્રામ સેવક રંગેહાથ ઝડપાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

જિલ્લામાં ભ્રષ્ટાચાર સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. વનબંધુ ટ્રેક્ટર યોજના હેઠળ મંજૂર થયેલી સબસીડીનો ચેક આપવાના બદલામાં રૂ. ૭ હજારની લાંચ માગનાર ગ્રામ સેવકને ACBની ટીમે સફળ છટકું ગોઠવીને રંગેહાથ ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ, છોટાઉદેપુર જિલ્લા પંચાયતના જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી ખાતેથી અરજદાર (ફરિયાદીના ભાઈ)ની 'વનબંધુ ટ્રેક્ટર યોજના' અંતર્ગત ૧૦ લાખ /- ની ટ્રેક્ટર સબસીડી મંજૂર થઈ હતી. આ સબસીડીનો ચેક મેળવવા માટે છોટાઉદેપુર સેજો-ચીલરવાંટના ગ્રામ સેવક માધવભાઈ મનુશંકર ધાંધલીયા (વર્ગ-૩) એ ફરિયાદીના ભાઈ પાસે ૭,હજાર ની લાંચની માગણી કરી હતી.

ફરિયાદી લાંચની રકમ આપવા માગતા ન હોવાથી તેમણે હિંમત દાખવીને છોટાઉદેપુર ACB પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને સમગ્ર મામલે લેખિત ફરિયાદ નોંધાવી હતી.

## વડોદરા ગોત્રી રોડ પર કચરાના ઢગલામાં ભીષણ આગ

### મુખ્ય માર્ગ પર આગની જ્વાળાઓથી અફરાતફરી, લાઈટના થાંભલા સુધી પહોંચી આગ – વહેલી સવારે ઘટના બનતા જાનહાનિ ટળી

વડોદરા

વડોદરાના ગોત્રી રોડના મુખ્ય માર્ગ પર વહેલી સવારે આગ લાગવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ હતી. રસ્તાની બાજુમાં પડેલા કચરાના ઢગલામાં અચાનક આગ ભભૂકી ઉઠતા થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

કચરાના ઢગલામાંથી શરૂ થયેલી આગની જ્વાળાઓ ધીમે ધીમે નજીકના લાઈટના થાંભલા સુધી પહોંચી ગઈ હતી. જેના કારણે સમગ્ર વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. મુખ્ય માર્ગ પર જ આગની જ્વાળાઓ ઉઠતી હોવાના કારણે આસપાસથી પસાર થતા લોકોમાં પણ ગભરાટનો માહોલ સર્જાયો હતો.

આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે કચરાના ઢગલામાંથી ઉઠેલી જ્વાળાઓએ લાઈટના થાંભલાને પણ પોતાની ઝપેટમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. રસ્તા પર ધુમાડો અને આગના કારણે થોડા સમય માટે વાતાવરણમાં અફરાતફરી જોવા મળી હતી.

સદનસીબે આ ઘટના વહેલી સવારે બની હોવાથી અને સમયસર આગ પર કાબૂ મેળવવાની કાર્યવાહી થતાં કોઈ જાનહાનિ થઈ નહોતી. જોકે, મુખ્ય માર્ગ પર કચરાના ઢગલામાં આગ કેવી રીતે લાગી તે અંગે અનેક સવાલો ઊભા થયા છે.

મુખ્ય રસ્તાની બાજુમાં કચરો એકઠો થતો રહે અને તેમાં આગ લાગી જાય તો વાહનચાલકો તેમજ રાહદારીઓ માટે ગંભીર જોખમ ઊભું થઈ શકે છે. ખાસ કરીને લાઈટના થાંભલા અને અન્ય વીજ સાધનો નજીક આવી રીતે કચરો એકઠો થવો કેટલો જોખમી છે, તે આ ઘટનાએ ફરી એકવાર ઉજાગર કર્યું છે.

હવે સવાલ એ છે કે મુખ્ય માર્ગ પર આટલો કચરો એકઠો કેમ થવા દેવામાં આવ્યો? કચરાના ઢગલામાં આગ લાગવાનું કારણ શું છે? અને આવી ઘટનાઓ ફરી ન બને તે માટે તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવશે?

વડોદરાના ગોત્રી રોડ પર બનેલી આ આગની ઘટના ભલે મોટી જાનહાનિ વિના ટળી ગઈ હોય, પરંતુ જો આગ વધુ ફેલાઈ હોત તો પરિસ્થિતિ ગંભીર બની શકતી હતી.

પાક્કો ગુજરાતનો સવાલ સીધો છે – શહેરના મુખ્ય માર્ગો પર કચરાના ઢગલા ક્યારે હટશે અને આગ જેવી જોખમી ઘટનાઓ અટકાવવા તંત્ર ક્યારે જાગશે?



### ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરવામાં આવેલા ફોટોઝમાં બોલ્ડલૂક દેખાયો

# ભોજપુરી અભિનેત્રી આકાંક્ષા પુરીએ સોશિયલ મીડિયાનો તાપમાન વધાર્યો

મુંબઇ

ટેલિવિઝન અને ભોજપુરી એક્ટ્રેસ આકાંક્ષા પૂરીનો બિકિની અંદાજ સામે આવ્યો છે. જેમાં તેણે અલગ અલગ કલરની બિકિની પહેરીને એકથી એક ચડિયાતા પોઝ આપ્યા છે. ગ્રીન કલરની ફ્લોરલ બિકિની પહેરીને તેણે પોતાની સેલ્ફિ ક્લિક કરી હતી. જેમાં તેનો બોલ્ડ લૂક જોવા મળ્યો છે. અકાંક્ષા સમયાંતરે આવા ફોટો શૅર કરતી રહે છે. એની ફિટનેસ પણ દમદાર છે અને નવા સામે આવેલા ફોટોઝમાં એના શરીરના બેસ્ટ ક્ટ્સ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. આ સાથે તેણે પિંક કલરની બિકિનીમાં પણ એક ફોટો ક્લિક કર્યો હતો. જેમાં અંડરગાર્મેન્ટમાં પણ એક ફ્લોરલ ડિઝાઈન સાથે રબ્બરની સાથે એક ઝૂલ જોવા મળી હતી. આ ફોટોમાં તેના સ્ટમક પર વી કટ સ્પષ્ટ દેખાય છે. ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરવામાં આવેલા ફોટોઝમાં જેનો બોલ્ડલૂક દેખાય રહ્યો છે. સમુદ્ર કિનારે તે ચિલ કરી રહી છે. મિની વેકેશન મનાવી રહી છે. આ ફોટોમાં તેનો કિલર લૂક જોવા મળી રહ્યો છે. આ લૂક તેણે પોતાના બેસ્ટ સ્પેક્ટ પહેરીના પૂરો કર્યો છે. આ સાથે તેણે પોતાના હાથમાં બ્રેસલેટ પણ પહેર્યું છે. અલગ ટશનમાં દેખાતી આકાંક્ષાના ફોલોઅર્સ પણ ઘણા છે. ફેન્સને આવા ફોટો પોસ્ટ કરીને સરપ્રાઈઝ આપી છે. ફોટોમાં પાછળ ક્લિન સી વ્યૂ દેખાય છે અને પહાડનો સીન પણ બેસ્ટ લાગી રહ્યો છે. અકાંક્ષા 41 વર્ષની છે પણ તેના લૂકને કારણે તે 32ની હોય એવું લાગે છે. બેસ્ટ કટવાળુ ફીગર અને દમદાર ફિટનેસને કારણે તેના પર દરેક આઉટફિટ સારા લાગે છે. સામાન્ય રીતે તે જીમમાં પોતાના વર્કઆઉટના વીડિયો પણ શૅર કરે છે. આ વીડિયોમાં પર તેણે એક કેપ્શન લખ્યું હતું કે, આ મૂડ છે કોઈ મેમેન્ટ નહીં. આ ફોટોઝ પર યુઝર્સ દિલ ખોલીને કોમેન્ટ કરી રહ્યા છે. યુઝર્સ આવા ફોટો પર દિલ ખોલીને લાઈક્સ પર કરી રહ્યા છે. અનેક ફેન્સે તેના કોમેન્ટ બોક્સમાં એકથી એક બેસ્ટ કોમ્પ્લિમેન્ટ આપી રહ્યા છે. તેની ફિટનેસ અને આઉટફિટના વખાણ કરી રહ્યા છે. આ પહેલા તેણે બ્લેક કલરના સ્વિમસ્યૂટમાં ફોટો ક્લિક કર્યા હતા. આ લૂકમાં તેણે શિયર ક્રોચેટ સ્કર્ટ, સ્ટેટમેન્ટ નેકપીસ તથા રેડ ક્રેબ બેગ સાથે પોતાનો લૂક પૂરો કર્યો હતો. જ્યારે ગ્રીન કલરની ફ્લોર બિકિનીમાં તે હોજમાં મસ્ત સ્નાન કરી રહી છે. અહીયા પણ તેણે સનગ્લાસ પહેરીને બેસ્ટ લૂક આપ્યો હતો.

**અકાંક્ષા સમયાંતરે આવા ફોટો શૅર કરતી રહે છે. એની ફિટનેસ પણ દમદાર છે અને નવા સામે આવેલા ફોટોઝમાં એના શરીરના બેસ્ટ ક્ટ્સ સ્પષ્ટ દેખાઈ રહ્યા છે**

# બોલિવૂડની મેન્ટાલિટીને લઇ કરીનાએ કહી વાત

### કરીનાએ કહ્યું કે, હવે દર્શકો પહેલા કરતા વધાર સમજદાર થઇ ગયા છે. હવે તેઓ કોઇ સ્ટાર, એક્ટર, એક્ટ્રેસ કે ઝોનરને જોઈને ફિલ્મ જોવા માટે આવતા નથી



મુંબઇ

બોલિવૂડ એક્ટ્રેસ કરીના કપૂર પોતાની આવનારી ફિલ્મ 'દાયરા'ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મ 18 સપ્ટેમ્બરના રોજ રિલીઝ થવાની છે. આ ફિલ્મનું જોરશોરથી પ્રમોશન કરવામાં આવી રહ્યું છે. બેબો આ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે અને પ્રોમો ઈવેન્ટના શેડ્યુલમાં વ્યસ્ત છે. આ દરમિયાન તેણે બોલિવૂડની હેડ મેન્ટાલિટી પર દિલ ખોલીને વાત કરી હતી. 'એનિમલ' ની સફળતાને લઈને તેણે ઉદાહરણ સાથે ટોણો માર્યો હતો. કરીનાએ કહ્યું કે, હવે દર્શકો પહેલા કરતા વધાર સમજદાર થઈ ગયા છે. હવે તેઓ કોઈ સ્ટાર, એક્ટર, એક્ટ્રેસ કે ઝોનરને જોઈને ફિલ્મ જોવા માટે આવતા નથી. જેટલું અમે વિચારીએ છીએ એના કરતા અમારા દર્શકો ઘણા અંશે વધારે સમજદાર છે. તેઓ જાણે છે કે, સારી ફિલ્મ કઈ છે અને તે ફિલ્મ માટે માટે શા માટે આવે છે.હવે માત્ર વાતો યંગ લવસ્ટોરીની થતી નથી. આ બધી વસ્તુઓ હવે ઘણી જુની થઈ ગઈ છે હવે તો મારધાડ અને હિંસા ચાલે છે. કેટલાક એવા પણ ફિલ્મ મેકર્સ છે જે તમારા વિચારોની આખી પ્રોસેસને હલાવી દે છે. મને એવું લાગે છે કે, હવે ઘણી બધી વસ્તુઓ બદલી રહી છે. આ માટે ઘણું કામ થઈ રહ્યું છે. હવે દર્શકો માત્ર ટ્રેલર જોઈને કહે છે કે, આપણે ફિલ્મો જોવી જોઈએ. 'એનિમલ' ફિલ્મ 2023માં રિલીઝ થઈ હતી અને જબરદસ્ત એક્શન ફિલ્મ હતી. 900 કરોડના ટોટલ ક્લેક્શન સાથે ફિલ્મ સુપરહિટ સાબિત થઈ. કરીનાએ કહ્યું કે, આજની યંગ ઓડિયન્સ એવા પ્રશ્નો કરશે જેના જવાબ આપતા પહેલા તમારે સો વાર વિચાર કરવો પડશે. પહેલા તો તેઓ વિચાર કરવા માટે મજબૂર કરી દેશે. હવેના ફિલ્મ મેકર્સ એ વિચારીને ફિલ્મ નથી બનાવતા કે, આ ફિલ્મ કોમેડી છે પણ લોકો આવશે.

# પૂજા હેગડેએ ઘરે સ્થાપિત કર્યા ઈકો-ફ્રેન્ડલી ગણેશજી

### ગણેશ ચતુર્થીનો પાવન તહેવાર નજીક આવતાં મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે

મુંબઇ

ગણેશ ચતુર્થીનો પાવન તહેવાર નજીક આવતાં મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. મુંબઈમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ઘરો અને જાહેર પંડાલોમાં ગણપતિ બાપ્પાના આગમનની તૈયારીઓ ધૂમધામથી શરૂ થઈ ગઈ છે. જોકે, આ વખતે પર્યાવરણને ધ્યાનમાં રાખીને અનેક લોકો પરંપરાગત ઉજવણીની સાથે ગ્રીન ગણપતિ અને ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ તરફ પણ વળી રહ્યા છે. અભિનેત્રી પૂજા હેગડે પણ આ ઈકો ફ્રેન્ડલી પહેલનો હિસ્સો બની છે. પૂજા હેગડેએ આ વર્ષે સીડ-એમ્બેડેડ એટલે કે બીજ ધરાવતી ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ અપનાવી છે. આ મૂર્તિ માટીમાંથી બનાવવામાં આવી છે અને તેમાં છોડના બીજ મૂકવામાં આવ્યા છે. ગણેશોત્સવ પૂર્ણ થયા બાદ આ મૂર્તિનું વિસર્જન પરંપરાગત રીતે જળાશયમાં કરવાની જગ્યાએ તેને માટી ભરેલા કુંડા અથવા કન્ટેનરમાં વિસર્જિત કરી શકાય છે. યોગ્ય સંભાળ અને નિયમિત પાણી આપવાથી મૂર્તિમાં રહેલા બીજમાંથી છોડ ઉગી શકે છે. આ અનોખી પહેલ ભક્તિ અને પર્યાવરણ સંરક્ષણને એકસાથે જોડે છે. સામાન્ય રીતે કેટલીક પરંપરાગત ગણેશ મૂર્તિઓમાં ઉપયોગમાં લેવાતી સામગ્રી અને રંગો મૂર્તિના વિસર્જન દરમિયાન નદીઓ, તળાવો અને અન્ય જળાશયો માટે નુકસાનકારક બની શકે છે. તેના કારણે જ છેલ્લા કેટલાક વર્ષોમાં માટીની મૂર્તિ, કુદરતી રંગો અને પર્યાવરણમૈત્રી સજાવટને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સીડ-એમ્બેડેડ ગણેશ મૂર્તિની સૌથી વિશેષ વાત એ છે કે ગણેશોત્સવ પૂર્ણ થયા બાદ પણ તેની સાથે ભક્તોનું જોડાણ જળવાઈ રહે છે. મૂર્તિને માટી ભરેલા કુંડામાં મૂક્યા બાદ તેમાં રહેલા બીજને પાણી અને યોગ્ય સંભાળ મળે તો તેમાંથી છોડ ઉગી શકે છે. આ રીતે પરંપરાગત વિસર્જનને પર્યાવરણમૈત્રી અને હરિયાળા સંદેશ સાથે નવી દિશા મળે છે.





# અભિનેત્રી યામી ગૌતમ નયી નવેલી ફિલ્મનું ટિઝર લોન્ચ

### આ ટીઝર ફેન્સના મનમાં પ્રશ્નો જગાડે છે: આ પરિવારનું સત્ય શું છે અને કોણ કોનાથી શું છુપાવી રહ્યું છે?

મુંબઇ

બોલિવૂડની સફળ એક્ટ્રેસ યામી ગૌતમ ધાર ફરી એકવાર એક બેસ્ટ ફિલ્મ લઈને આવી રહી છે. એમેઝોન MGM સ્ટુડિયો અને કલર યેલો પ્રોડેક્શનની આવનારી ફિલ્મ 'નયી નવેલી' નું ટિઝર સામે આવ્યું છે. ટિઝની પહેલી ઝલક જોઈને ફેન્સ આ ફિલ્મની ચર્ચા કરી રહ્યા છે. આ ફિલ્મમાં એનો રોલ પણ કંઈક હટકે છે અને ફિલ્મમાં પણ કંઈક તો નવું આવી રહ્યું છે. સ્ટોરીમાં ફેમિલી ડ્રામાની સાથે કોમેડી, એક્શનનું મિશ્રણ છે. આ એક એન્ટરટેઈનમેન્ટ ફિલ્મ છે. જેમાં યામી લીડ રોલ પ્લે કરી રહી છે. ફિલ્મની સ્ટોરી હિમાંશુ શર્મા અને દિવ્ય નિધિએ લખી છે. જ્યારે બાલાજી મોહને ફિલ્મ તૈયાર કરી છે. પ્રકાશ કુમારે ફિલ્મનું સંગીત તૈયાર કર્યું છે. આનંદ એલ. રાય અને હિમાશુ શર્મા ફિલ્મને પ્રોડ્યુસ કરી રહ્યા છે. આ નવી સ્ટોરી ઓડિયન્સને પસંદ પડે છે કે, નહીં એ જોવાનું છે. આ ફિલ્મ આવતા મહિને 16 ઑક્ટોબરના રોજ રિલીઝ થઈ રહી છે. યામી ગૌતમ ધરની આગામી ફિલ્મ 'નયી નવેલી'નું ટીઝર તેની વાર્તાને લઈને ભારે એક્ઝાઈટમેન્ટ જગાડે છે. શરૂઆતમાં બધું એક સામાન્ય પરિવાર જેવું લાગે છે, પરંતુ જ્યારે બનેવી એક ચોંકાવનારો દાવો કરે છે કે 'ભાભી ડાકણ છે,' ત્યારે વાતાવરણમાં નાટ્યાત્મક વળાંક આવે છે. ત્યારબાદ પરિવારમાં વિચિત્ર ઘટનાઓનો સિલસિલો શરૂ થાય છે. રહસ્યમય આકૃતિઓ દેખાય છે અને એવા વળાંકો આવે છે જે કુતૂહલ વિચારમાં મૂકી દે છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે આ વખતે યામીનું પાત્ર સાવ અલગ છે. તે એવા અવતારમાં જોવા મળે છે જે તેની અગાઉની ભૂમિકાઓથી તદ્દન ભિન્ન છે. આ ટીઝર ફેન્સના મનમાં પ્રશ્નો જગાડે છે: આ પરિવારનું સત્ય શું છે અને કોણ કોનાથી શું છુપાવી રહ્યું છે? યામી ગૌતમની તાજેતરની ફિલ્મો પર નજર નાખતા વિવિધ પ્રકારની ભૂમિકાઓ સાથે પ્રયોગો કરવાની તેની શૈલી જોવા મળી છે.

# દ્રશ્યમ ટ્રેલરમાં છવાયા અજય દેવગણ, જયદીપ અહલાવતની થશે એન્ટ્રી

મુંબઇ

બોલીવુડના સિંઘમ અજય દેવગણ આજકાલ તેમની મોસ્ટ અવેટેડ થ્રિલર 'દ્રશ્યમ: ધ કન્ક્લુઝન'ના કારણે લાઈમલાઈટમાં છે. આ ફિલ્મનું ટ્રેલર 9 સપ્ટેમ્બર 2026 એ રિલીઝ થઈ ગયું છે. આ ફિલ્મ બીજી ઓક્ટોબર 2026 એ સિનેમાઘરોમાં જોવા મળશે. ફ્રેન્ચાઈઝીએ આ અંતિમ અધ્યાયમાં સાલગાવકર પરિવાર ફરીથી મુશ્કેલીથી ઘેરાયેલું દેખાશે. ટ્રેલર વિશે પણ જાણી લો ટ્રેલરમાં વિજય સાલગાવકર ફરી એકવાર પોતાના પરિવારને બચાવવા માટે મગજ કસતા જોવા મળી રહ્યો છે. છેલ્લા બે ભાગની જેમ આ વખતે પણ કહાની માં સવાલ એ જ છે, પરંતુ જવાબ વધારે નજીક હોય એવો સંકેત મેકર્સે પોસ્ટર અને ટ્રેલર લોન્ચ દ્વારા આપ્યો છે. ટ્રેલરની શરૂઆતમાં પરિવારના સામાન્ય જીવનની ઝલક બતાવવામાં આવી છે, પરંતુ જલ્દી જ એક નવું જોખમ સામે આવે છે, જે વિજયની સાવધાનીપૂર્વક બનાવેલા જીવનને પડકાર આપે છે. પોલીસ અને સિસ્ટમ ફરી સાલગાવકર પરિવાર પાછળ પડે છે, વિજયને ફરી એકવાર પોતાના જુના હથિયાર એટલે કે મગજ અને પ્લાનનો ઉપયોગ કરવો પડે છે. ટ્રેલરમાં તણાવ, રહસ્ય અને ઈમોશનલ એન્ગલ બતાવ્યા છે, જે ચાહકોને પસંદ પડશે. ટ્રેલરમાં ડાયલોગ્સનો પણ ઉપયોગ થયો છે, જે ચાહકોના દિલ જીતી રહ્યું છે. ટ્રેલર જોઈને ચાહકો અત્યારથી જ ફિલ્મને બ્લોકબસ્ટર માની રહ્યા છે. અમુક લોકોએ લખ્યું કે કેમ પડી રહ્યા છો ચક્કરમાં આ ફિલ્મની કોઈ નથી ટક્કરમાં. અનેક લોકોએ દાવો કર્યો કે ફિલ્મ 400 કરોડ પાર કરી લેશે. ફિલ્મમાં અજય દેવગણ સાથે શ્રિયા સરન, તબ્બુ અને અન્ય મુખ્ય કલાકાર પરત ફરી રહ્યા છે, જે કહાનીને વધારે ઊંડાઈ આપે છે. મેકર્સે ટ્રેલર લોન્ચ ઈવેન્ટને ગોવાની સુંદર લોકેશન પર રાખવાની પણ ચર્ચા છે. જે ફિલ્મની સેટિંગથી જોડાણ વધારે છે. 'દ્રશ્યમ: ધ કન્ક્લુજન' 2 ઓક્ટોબર 2026એ મોટા પડદે રિલીઝ થશે, અને



## ઈશાન કિશનના નેતૃત્વમાં સાઉથ ઝોનને હરાવી

# ઈસ્ટ ઝોને 13 વર્ષ બાદ રચ્યો ઈતિહાસ, દુલિપ ટ્રોફી જીતી

મુંબઈ

ઈશાન કિશનની શાનદાર કપ્તાની હેઠળ ઈસ્ટ ઝોને સાઉથ ઝોન સામે પ્રથમ ઈનિંગમાં મેળવેલી વિશાળ લીડના આધારે દુલિપ ટ્રોફી 2026નું ટાઈટલ પોતાના નામે કરી લીધું છે. ફાઈનલ મેચના પાંચમા અને છેલ્લા દિવસે મેચ ડ્રોમાં પરિણમી હતી, પરંતુ પ્રથમ ઈનિંગની મજબૂત લીડના દમ પર ઈસ્ટ ઝોને 13 વર્ષના લાંબા અંતરાળ બાદ આ ઐતિહાસિક ટ્રોફી જીતીને ઈતિહાસ રચ્યો છે.



બીજી ઈનિંગમાં 388 રન બનાવી 760 રનની કુલ લીડ મેળવી

ફાઈનલના અંતિમ દિવસે ઈસ્ટ ઝોને પોતાની બીજી ઈનિંગમાં 7 વિકેટના નુકસાને 388 રન બનાવ્યા હતા, જેનાથી તેમની કુલ લીડ 760 રન સુધી પહોંચી ગઈ હતી. ઈસ્ટ ઝોન તરફથી મોહમ્મદ કૌનેન કુરેશીએ અણનમ 116 રન બનાવીને પોતાની ફર્સ્ટ-ક્લાસ કારકિર્દીની પ્રથમ સદી ફટકારી હતી. કુરેશીએ સાતમી વિકેટ માટે અનુકૂળ રોય (64 રન) સાથે 150 રનની મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી હતી. આ અગાઉ પ્રથમ ઈનિંગમાં ઈસ્ટ ઝોને 708 રનનો વિશાળ સ્કોર બનાવીને 372 રનની જંગી લીડ પ્રાપ્ત કરી હતી. ઈસ્ટ ઝોનની આ જીતમાં કેપ્ટન ઈશાન કિશનની મહત્વની ભૂમિકા રહી હતી. તેમણે પ્રથમ ઈનિંગમાં શાનદાર 270 રનની ઈનિંગ રમીને રેડ-બોલ ક્રિકેટમાં પોતાના આગમનની મજબૂત દાવેદારી નોંધાવી હતી. આ સિવાય પોતાની 100મી ફર્સ્ટ-ક્લાસ મેચ રમી રહેલા અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ ઘાતક બોલિંગ કરી હતી. ઈસ્ટ ઝોન તરફથી કુમાર કુશાગ્રએ પોતાની છઠ્ઠી ફર્સ્ટ-ક્લાસ સદી નોંધાવી હતી, જ્યારે શિખર મોહને અર્ધસદી ફટકારી હતી. સાઉથ ઝોનની નબળી બોલિંગ અને ખોટી ટીમ પસંદગી મેચ દરમિયાન સાઉથ ઝોનના બોલરો સંપૂર્ણપણે દિશાહીન જોવા મળ્યા હતા. અનુભવી બોલર મોહમ્મદ સિરાજે થોડો સમય આક્રમક બોલિંગ કરી હતી પરંતુ તેમને અન્ય બોલરો તરફથી યોગ્ય સાથ મળ્યો નહોતો.

## પાકિસ્તાની ક્રિકેટ ટીમને વધુ એક ઝડપી બોલર મળ્યો

વોશિંગ્ટન

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એક જમાનામાં વસીમ અકરમ, વકાર યુનુસ, ઈમરાન ખાન અને શોએબ અખ્તર જેવા ઘાતક પાકિસ્તાની ફાસ્ટ બોલરોનો ભારે દબદબો હતો. છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાની ટીમમાં બેટ્સમેનોમાં ભય પેદા કરી શકે તેવા ઝડપી બોલરની ખોટ વર્તાઈ રહી હતી, ત્યારે હવે 21 વર્ષીય યુવા ફાસ્ટ બોલર રઝાઉલ્લાહ એ નવી આશા જગાવી છે.

ઈંગ્લેન્ડ સામે બર્મિંગહામ (એજબસ્ટન) ખાતે રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટના પહેલા દિવસે એટલે કે 9 સપ્ટેમ્બરે પોતાના ટેસ્ટ ડેબ્યૂ પર અસાધારણ બોલિંગ કરીને તેણે સૌનું ધ્યાન ખેંચ્યું છે અને તેની સરખામણી વકાર યુનુસ સાથે થવા લાગી છે. મરદાનના આ યુવા ઝડપી બોલરે પોતાની ટેસ્ટ કારકિર્દીના ચોથા જ બોલ પર ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન જો રૂટને LBW આઉટ કરીને પેવેલિયન ભેગો કર્યો હતો.

ઘાતક ગતિ: રઝાઉલ્લાહની સૌથી મોટી ખાસિયત તેની અસાધારણ સ્પીડ રહી. શરૂઆતની બે ઓવરમાં તેણે લગભગ 148 kmphની ઝડપ નોંધાવી હતી અને તેની સમગ્ર બોલિંગ દરમિયાન સ્પીડ 143 kmphથી નીચે ગઈ નહોતી.

બે વિકેટ લીધી: દિવસના અંતિમ તબક્કામાં તેણે ઈંગ્લેન્ડના ઓપનર એમિલિયો ગેને બોલ્ડ કરીને પોતાના ડેબ્યૂના પ્રથમ દિવસે જ 2 મહત્ત્વપૂર્ણ વિકેટો ઝડપી લીધી હતી. બોર્ડે મુખ્ય કોચ સરફરાઝ અહેમદને પદ પરથી હટાવી દીધા હતા અને ખરાબ ફોર્મ ધરાવતા 7 ખેલાડીઓને સ્વદેશ પાછા મોકલી દીધા હતા.

### ઘટના બાદ ECBએ ટીમના સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી

## પાક.ની ક્રિકેટ ટીમને 'શરણાર્થી' સમજી બેઠા બ્રિટનના લોકો

નવી દિલ્હી

ઈંગ્લેન્ડ પ્રવાસ પર પાકિસ્તાનની સિનિયર ક્રિકેટ ટીમ ટેસ્ટ શ્રેણીમાં પોતાના નબળા પ્રદર્શનના કારણે ટીકાઓનો સામનો કરી રહી છે, ત્યારે બીજી તરફ તેમની અંડર-19 ટીમને પણ ઈંગ્લેન્ડની ધરતી પર મોટી ક્ષોભજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. ઈંગ્લેન્ડ અંડર-19 સામે 1 યુથ ટેસ્ટ અને 4 યુથ વનડે મેચોની સીરિઝ રમવા પહોંચેલી પાકિસ્તાનની અંડર-19 ટીમને સ્થાનિક લોકોએ 'શરણાર્થીઓનું જૂથ' સમજી લીધું હતું, જેના પગલે ખેલાડીઓ જે હોટેલમાં રોકાયા હતા તેની બહાર પ્રદર્શનકારીઓની ભીડ જમા થઈ ગઈ હતી. 'બ્રિટિશ ન હોય તેવા લોકો આવ્યા છે': હોટેલ બહાર પહોંચ્યા વિરોધીઓ પાકિસ્તાનની અંડર-19 ટીમ પોર્ટ્સમાઉથની મેરિયટ હોટેલમાં રોકાઈ હતી. સ્થાનિક લોકોને એવી અફવા મળી હતી કે હોટેલમાં એવા લોકો આવીને રોકાયા છે જે બ્રિટિશ નથી લાગતા અને સંભવતઃ શરણાર્થીઓ છે. આ ખોટી માહિતી મળતાં જ વિરોધ પ્રદર્શકોનું એક જૂથ હોટેલની બહાર એકઠું થઈ ગયું હતું. એક અહેવાલ અનુસાર, રિફોર્મ પાર્ટીના કાઉન્સિલર જ્યોર્જ મેડગ્વિકને આ ઘટનાની જાણ થતાં તેમણે તરત જ હોટેલ મેનેજમેન્ટ અને પાકિસ્તાન અંડર-19 ટીમના સ્ટાફ સાથે ફોન પર સંપર્ક સાધ્યો હતો. મેડગ્વિકે ટીમના કોચ સાથે સીધી વાત કરીને ખરી હકીકત મેળવી હતી અને ત્યારબાદ હોટેલ બહાર એકત્ર થયેલા દેખાવકારોને સમજાવ્યા હતા કે આ કોઈ શરણાર્થીઓ નથી પરંતુ ક્રિકેટ શ્રેણી રમવા આવેલી પાકિસ્તાનની અધિકૃત જુનિયર ક્રિકેટ ટીમ છે. સાચી માહિતી મળ્યા પછી ભીડ ત્યાંથી વિખેરાઈ ગઈ હતી. પોર્ટ્સમાઉથની હોટેલ બહાર બનેલી આ ઘટના બાદ ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) તરત જ એક્શનમાં આવ્યું છે.

## ઈન્ડિયાને મોટો ઝટકો, સ્ટાર બોલર અફઘાન સીરિઝમાંથી બહાર

### જસપ્રિત બુમરાહ અને નીતિશ રેડ્ડી પણ ફિટનેસ તરફ આગળ વધી રહ્યા છે

નવી દિલ્હી

ભારતીય ટીમ માટે સપ્ટેમ્બર મહિનો ખૂબ જ વ્યસ્ત રહેવાનો છે, જેમાં ટીમ 13 સપ્ટેમ્બરથી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં અફઘાનિસ્તાન સામે ત્રણ મેચની ટી-20 સીરિઝ રમશે. આ શ્રેણી પહેલા ફાસ્ટ બોલર હર્ષિત રાણા હેમસ્ટ્રિંગની ઈજાના કારણે બહાર થઈ ગયો છે. રાણાએ ભારત માટે છેલ્લી મેચ ઈંગ્લેન્ડ પ્રવાસ પર રમી હતી અને તે હજુ સુધી ઈજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થયા નથી. જેના કારણે તેમને મેદાન પર પરત ફરવા માટે થોડો વધુ સમય લાગશે. હવે હર્ષિત રાણાની જગ્યાએ યશ ઠાકુરને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તે ઝડપી બોલર છે અને ઝિમ્બાબ્વે સામે પદાર્પણ કરી ચૂક્યો છે. તેણે બે મેચમાં ચાર વિકેટો ઝડપી હતી. તે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં રમી ચૂક્યો છે અને 81 વિકેટો ઝડપી ચૂક્યો છે.




હર્ષિત રાણાની સાથે સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર પણ હેમસ્ટ્રિંગની સમસ્યાથી પરેશાન હતો, પરંતુ હવે તેઓ સંપૂર્ણપણે ફિટ છે અને અફઘાનિસ્તાન સામેની સીરિઝ માટે ઉપલબ્ધ રહેશે. ટીમ માટે રાહતના સમાચાર એ છે કે ઝડપી બોલર જસપ્રિત બુમરાહ અને બેટિંગ ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી પોતાની ફિટનેસ પ્રાપ્ત કરવાની દિશામાં યોગ્ય રીતે આગળ વધી રહ્યા છે. બુમરાહને જુલાઈમાં ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન ઘૂંટણમાં ઈજા થઈ હતી. જ્યારે નીતિશ રેડ્ડી ક્વોડ્રિસેપ્સની ઈજામાંથી ઉભરી રહ્યા છે. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ટી-20 સીરિઝના ત્રણેય મેચ દિલ્હીમાં રમાશે, ત્યારબાદ ટીમ 22 સપ્ટેમ્બરે જાપાન સામે ઐતિહાસિક ટી-20 આંતરરાષ્ટ્રીય મેચ રમવા માટે મેદાનમાં ઉતરશે. આ સીરિઝ માટે પસંદ કરાયેલી ભારતીય ટીમમાં શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, સંજુ સેમસન (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), તિલક વર્મા (વાઈસ કેપ્ટન), શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, વરુણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, જસપ્રિત બુમરાહ અને અર્શદીપ સિંહનો સમાવેશ કરવામાં આવ્યો છે.



### રૂપિયો તૂટતાં તથા ડોલર ઉછળતાં દેશના ઝવેરી બજારોમાં તેજીનો પવન ફૂંકાયો

# ક્રૂડતેલ ઉછળીને 101 ડોલર નજીક પહોંચ્યું

મુંબઈ

મુંબઈ સહિત દેશના ઝવેરી બજારોમાં સોના-ચાંદીના ભાવમાં તેજી જોવા મળી. રૂપિયાના ઘટાડા અને ડોલરના ઉછાળાને કારણે આયાત ખર્ચ વધ્યો. પ્લેટીનમનો ભાવ 10 ગ્રામના રૂ.65,000ને પાર કરી ગયો. ઈરાન-અમેરિકાના ઘર્ષણ અને ક્રૂડતેલના ભાવ 100 ડોલર ઉપર જતાં સોનામાં વધુ ઉછાળો આવ્યો હતો. અમદાવાદમાં સોનું રૂ.500 અને ચાંદી રૂ.7000 ઉછળી. મુંબઈ : મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં તેજી આગળ વધી હતી. પ્લેટીનમના ભાવ પણ ઉંચા બોલાતા થયા હતા. વિશ્વ બજાર વધતાં તથા મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયો ગબડતાં કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટમાં વૃદ્ધી નોંધાઈ હતી અને તેની ઈમ્પેક્ટ બજાર ભાવ પર પણ જોવા મળી હતી. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઉછળી ૧૦૦ ડોલર ઉપર જતાં તેની ઈમ્પેક્ટ સોનાના ભાવ પર દેખાઈ હતી. ઈરાન-અમેરિકાના ઘર્ષણમાં સાઉદી અરેબિયા પર પણ ઈરાને હુમલો કરતાં વિશ્વ બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડના ભાવ વધી બેરલના ઉંચામાં ૧૦૧ ડોલર નજીક પહોંચી ગયાના સમાચાર દરિયાપારથી મળ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજે સોનાનાભાવ ઔંસના ૪૪૦૪ વાળા વધી ૪૪૧૫ થઈ ૪૪૦૭થી ૪૪૦૮ ડોલર રહ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૦ વધ્યા હતા જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૭૦૦૦ ઉછળ્યા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ પણ ઔંસના ૬૬.૨૦થી વધી ૬૭.૦૦ ડોલર થઈ ૬૬.૩૩થી ૬૬.૩૪ ડોલર રહ્યા હતા.



### ચીને સોનાની આકાશ આંબતી કિંમતો વચ્ચે પણ ખરીદી ચાલુ રાખી

# ઓગસ્ટમાં ચીને 20 ટનથી વધુ સોનું ખરીદ્યું, સતત 22મા મહિને મોટો ખેલ

### સતત 22મા મહિને ખરીદીનો આ સિલસિલો ડોલર પર નિર્ભરતા ઘટાડવાની ચીનની લાંબાગાળાની આર્થિક રણનીતિનો ભાગ છે, 2015 પછીનો આ સૌથી લાંબો ખરીદીનો સમયગાળો છે

નવી દિલ્હી

સોના અને ચાંદીની કિંમતોમાં વૈશ્વિક સ્તરે સતત ઉથલ-પાથલ જોવા મળી રહી છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ગોલ્ડ પ્રાઈસ સતત ઊંચાઈઓ સર કરી રહ્યા છે. આ બધાની વચ્ચે ચીન સોનાની ખરીદી અટકાવવાના મૂડમાં જણાતું નથી.

પીપલ્સ સેન્ટ્રલ બેંક ઓફ ચાઈના દ્વારા સોનાની ખરીદીનો સિલસિલો અવિરતપણે ચાલુ રાખવામાં આવ્યો છે. ગત ઓગસ્ટ 2026 માં ચીને પોતાના ગોલ્ડ રિઝર્વમાં આશરે 20 ટનથી વધુ સોનું ઉમેરી દીધું છે. આ સતત 22મો મહિનો છે જ્યારે ડ્રેગનની ગોલ્ડ બાઈંગ પ્રક્રિયા અટક્યા વગર ચાલુ છે. ચાઈના ડેલીના અહેવાલ મુજબ, હાલના આંકડાઓ દર્શાવે છે કે ચીનના સેન્ટ્રલ બેંકે ઓગસ્ટ મહિનામાં જે સોનું ખરીદ્યું છે, ત્યારબાદ દેશનું કુલ ગોલ્ડ રિઝર્વ વધીને 2,387 ટન પર પહોંચી ગયું છે. ઓગસ્ટ મહિનામાં આ વધારો જુલાઈના અંતની સરખામણીમાં 20,217 કિલોગ્રામ (લગભગ 20.22 મેટ્રિક ટન) જેટલો નોંધાયો છે. ઓક્ટોબર 2023 પછી કોઈપણ એક મહિનામાં થયેલી આ સૌથી મોટી સોનાની ખરીદી છે. તે સમયે એક મહિનામાં 23,016 કિલોગ્રામ (લગભગ 23.02 મેટ્રિક ટન)નો વધારો નોંધાયો હતો, અને છેલ્લા ત્રણ મહિનાનો અત્યાર સુધીનો સૌથી ઊંચો આંકડો છે. સતત 22 મહિનાથી ચાલી રહેલી આ સોનાની ખરીદી પાછળ ચીનનો મોટો વ્યુહાત્મક પ્લાન કામ કરી રહ્યો છે. ચીન પોતાની અર્થવ્યવસ્થાને મજબૂત કરવા અને વૈશ્વિક અર્થતંત્રમાં પોતાની પકડ વધુ મજબૂત કરવા માટે સોના પર વિશેષ મહત્ત્વ આપી રહ્યું છે. આ માત્ર ટૂંકા ગાળાનું રોકાણ નથી, પરંતુ તે ચીનની લાંબા ગાળાની આર્થિક રણનીતિનો અત્યંત મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. આના દ્વારા ચીન અમેરિકન ડોલર પરની પોતાની નિર્ભરતા ઘટાડીને પોતાના વિદેશી મુદ્રા ભંડારમાં સોના જેવી સુરક્ષિત સંપત્તિઓને સતત ઉમેરી રહ્યું છે, જેથી ભવિષ્યના વૈશ્વિક આર્થિક જોખમોથી બચી શકાય. સોના પર ચીનનું આ વિશેષ ફોકસ તેની ગોલ્ડ રિઝર્વને મજબૂત કરવાની નીતિને સ્પષ્ટપણે દર્શાવે છે.



### પોઝિશન લિમિટના ઉલ્લંઘન બદલ દંડની નવી જોગવાઈ લાગુ કરાઈ

# કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં પોઝિશન લિમિટના નિયમોમાં ફેરફાર

મુંબઈ

મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ કોમોડિટી ડેરિવેટિવ્ઝ સેગ્મેન્ટમાં ગ્રાહકો-ક્લાયન્ટ માટેની પોઝિશન લિમિટ અને તેનું ઉલ્લંઘન થાય ત્યારે વસૂલવામાં આવતી પેનલ્ટીની જોગવાઈઓમાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યા છે. સેબીએ કૃષિ કોમોડિટી ડેરિવેટિવ્ઝ માટેની પોઝિશન લિમિટની સમીક્ષા કર્યા બાદ આ નિર્ણય લીધો છે. હાલની પોઝિશન લિમિટની જોગવાઈઓ વર્ષ ૨૦૧૭માં તે સમયની માર્કેટ પોઝિશનને ધ્યાનમાં રાખીને અમલમાં મૂકવામાં આવી હતી. ત્યારથી કૃષિ કોમોડિટી ડેરિવેટિવ્ઝ માટેની મર્યાદામાં ફેરફાર કરવાની માંગ વિવિધ હિતધારકો તરફથી કરવામાં આવી રહી હતી. આ સાથે જ પોઝિશન લિમિટના ઉલ્લંઘન બદલ વસૂલવામાં આવતા દંડ પર મર્યાદા નક્કી કરવાની પણ રજૂઆતો કરવામાં આવી હતી. હિતધારકો પાસેથી મળેલી રજૂઆતો, કૃષિ કોમોડિટી ડેરિવેટિવ્ઝ ક્ષેત્રના નિયમોની સમીક્ષા માટે રચાયેલા કાર્યકારી જૂથની ભલામણો, કોમોડિટી ડેરિવેટિવ્ઝ એડવાઈઝરી કમિટી (સીડીએસી)ની ભલામણો તેમ જ જાહેર જનતા પાસેથી મળેલા પ્રતિભાવો ધ્યાનમાં લઈને સેબીએ નિયમોમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. આ ફેરફારોનો હેતુ વ્યવસાય કરવાની સરળતા વધારવાનો પણ છે. પોઝિશન લિમિટના ઉલ્લંઘન બદલ દંડની નવી જોગવાઈ લાગુ કરાઈ છે. પોઝિશન લિમિટના ઉલ્લંઘનને રોકવા માટે કોમોડિટી સ્તરે તેમ જ નજીકના મહિના એટલે કે નિયર-મંથ કોન્ટ્રાક્ટ સ્તરે ઓપન ઈન્ટરેસ્ટ અંગે નવી દંડ જોગવાઈ લાગુ કરવામાં આવી છે. જેમાં (૧) ગ્રાહક સ્તરે પોઝિશન લિમિટના ઉલ્લંઘન બદલ દંડ : ગ્રાહકના ખાતામાં નિર્ધારિત ઓપન પોઝિશન લિમિટ કરતા વધુ પોઝિશન જોવા મળે તો સંબધિત ટ્રેડિંગ મેમ્બર પાસેથી દરરોજના ઉલ્લંઘન માટે દંડ વસૂલવામાં આવશે.



# ચાંદીમાં મોટો કડાકો: ઓલટાઈમ હાઈથી રૂ.1.77 લાખ સસ્તી થઈ

- **સ્થાનિક બજારમાં 10 ગ્રામ સોનું 1,53,486 રૂપિયા અને 1 કિલો ચાંદી 2,35,249 રૂપિયા હતી**

મુંબઈ

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ગુરુવારે બજાર ખૂલતાં જ સોના અને ચાંદીના ભાવમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. વાયદા બજાર શરૂ થતાં જ ચાંદીના ભાવમાં કડાકો બોલાયો હતો અને આ કિંમતી ધાતુ એક ઝાટકે આશરે 1500 રૂપિયા સસ્તી થઈ ગઈ હતી. બીજી તરફ સોનામાં તેજી જોવા મળી છે અને તે પ્રતિ 10 ગ્રામ આશરે 1.53 લાખ રૂપિયાની આસપાસ ટ્રેડ થતું નજરે પડ્યું હતું.




ચાંદીના ભાવમાં મોટો કડાકો MCX પર ચાંદીના વાયદા ભાવની વાત કરીએ તો, 4 ડિસેમ્બરની એક્સપાયરી વાળી ચાંદીનો ભાવ પાછલા કારોબારી દિવસે પ્રતિ કિલોગ્રામ 2,44,213 રૂપિયા પર બંધ થયો હતો. ગુરુવારે બજાર ખૂલતાંની સાથે જ તે ઘટીને 2,42,726 રૂપિયા પર આવી ગયો હતો. આ ગણતરી મુજબ 1 કિલો ચાંદી સીધી 1487 રૂપિયા સસ્તી થઈ ગઈ છે.

## ઠાકર સહિત NSUI કાર્યકરે કાળા વાવટા ફરકાવ્યા

# અમદાવાદમાં ચીફ ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમારનો વિરોધ



» 'પંચાયતની ચૂંટણી સમયે ઉમેદવારોને દબાણની ફરિયાદ છતા મૌન રહેતા વિરોધ'

**અમદાવાદ**

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર આજે 10 સપ્ટેમ્બરે અમદાવાદની મુલાકાતે આવ્યા છે. ત્યારે સાંજના સમયે AMAનો કાર્યક્રમ પૂર્ણ કરીને પરત ફરતા હતા ત્યારે NSUIના કાર્યકર શુભમ ઠાકર અને જયસિંહ ઠાકોરે કાળા વાવટા ફરકાવી સૂત્રોચ્ચાર સાથે વિરોધ કર્યો હતો. ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વખતે દબાણપૂર્વક અનેક ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાવી લેવામાં આવ્યા હતા. જે મામલે ફરિયાદો થઈ હોવા છતાં પણ જ્ઞાનેશ કુમાર મૌન રહ્યા હતા જેને લઈને વિરોધ કર્યો હોવાનું શુભમ ઠાકરનું કહેવું છે.

એ પહેલા જ્ઞાનેશ કુમાર આજે સવારે 9:30એ દિલ્હીના IGI એરપોર્ટથી નીકળીને અમદાવાદ એરપોર્ટ પર 11:45 વાગ્યે પહોંચ્યા હતા. એરપોર્ટ ખાતે પ્રેસમાં જણાવ્યું હતું કે, ગુજરાતની પાવન ધરતી ઉપર આવી ગર્વ થયો છે. મહાત્મા ગાંધી સરદાર પટેલની જન્મ અને કર્મ ભૂમિ છે. એરપોર્ટથી તેઓ સાબરમતી આશ્રમ જવા નીકળ્યા હતા એ બાદ ત્યાંથી અડાલજની વાવ જવા રવાના થયા હતા. જે બાદ સાંજના સમયે AMAના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા.

વિરોધ પહેલા ચીફ ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમાર અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે Conducting Elections in India -The Largest Democracy in the World વિષય પરના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે, ભારતની ચૂંટણી પ્રક્રિયા વિશ્વ માટે એક અનોખું ઉદાહરણ છે. ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે જેમાં 90 કરોડથી વધુ મતદાર છે. સામાન્ય ચૂંટણીમાં 1.08 કરોડ કર્મચારીઓ અને સુરક્ષાકર્મીઓ જોડાય છે. દેશમાં 12 લાખથી વધુ પોલિંગ બૂથ, BLO ઘરે-ઘરે જઈ મતદાર યાદી તૈયાર કરે છે.

## 'જ્ઞાનેશ કુમાર મૌન રહ્યા એટલે વિરોધ કર્યો'



**અમદાવાદ**

તો આ તરફ કાળા વાવટા ફરકાવીને વિરોધ કરનાર શુભમ ઠાકરે જણાવ્યું કે, RUPP(રજિસ્ટર્ડ પરંતુ માન્યતા પ્રાપ્ત ન થયેલો રાજકીય પક્ષ)ના રિપોર્ટમાં કેટલીક પાર્ટીઓ બંધ થઈ ગઈ છતાં તેમના ખાતામાં ફંડના નામે કરોડ રૂપિયા આવ્યા હતા. જે અંગે ઈલેક્શન કમિશને કોઈ પગલા લીધા ન હતા. આ ઉપરાંત ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વખતે દબાણપૂર્વક અનેક ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાવી લેવામાં આવ્યા હતા. જે મામલે ફરિયાદો થઈ હોવા છતાં પણ જ્ઞાનેશ કુમાર મૌન રહ્યા હતા જેના લઈને વિરોધ કરવામાં આવ્યો હતો. શુભમ ઠાકર એ ભાજપના ધારાસભ્ય અમિત ઠાકરનો ભત્રીજો છે. EVM ઈન્ટરનેટ, વાઈ-ફાઈ કે બ્લૂટૂથ સાથે જોડાયેલું નથી. મતદાન શરૂ થતાં પહેલાં ઉમેદવારોના પ્રતિનિધિઓની હાજરીમાં મૉક પોલ કરવામાં આવે છે અને મશીન યોગ્ય રીતે કાર્યરત છે તેની ચકાસણી બાદ જ વાસ્તવિક મતદાન શરૂ થાય છે.

## ગણેશ પંડાલો માટે ફાયર સેફ્ટીના કડક નિયમો જાહેર : ફાયર એક્સટિંગ્વિશર વિના નહીં મળે મંજૂરી, બાપ્પાના પંડાલ માટે ફાયર NOC ફરજિયાત

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગ અને પોલીસ દ્વારા આગામી ગણપતિ મહોત્સવ માટે ગણપતિ પંડાલોમાં દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓની સુરક્ષા અને જાહેર સલામતી અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ વિભાગની સંયુક્ત મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. AMCની ફાયર એન્ડ ઈમરજન્સી ટીમ દ્વારા તૈયાર કરવામાં ફાયર સેફ્ટીને લઈને ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આગામી પાવન પર્વ ગણેશ ચતુર્થીને અનુલક્ષીને અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ (AFES) દ્વારા શહેરમાં સ્થાપિત થનારા ગણેશ પંડાલો માટે ફાયર સેફ્ટીની કડક માર્ગદર્શિકા (ગાઈડલાઈન) જારી કરવામાં આવી છે. ઉત્સવ દરમિયાન કોઈ આકસ્મિક આગ કે નાસભાગ જેવી દુર્ઘટના ન સર્જાય તે માટે દરેક આયોજકે મંડપમાં પૂરતા પ્રમાણમાં માન્ય ફાયર એક્સટિંગ્વિશર રાખવા ફરજિયાત રહેશે. આ સાથે જ પંડાલની અંદર કોઈ પણ પ્રકારનું કાયમી કે ફિક્સ પાર્ટીશન કરવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે, જેથી કટોકટીના સમયે ભક્તો સરળતાથી બહાર નીકળી શકે. તંત્ર દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ, કોઈપણ કટોકટીભરી પરિસ્થિતિમાં લોકો સહેલાઈથી અને સુરક્ષિત રીતે બહાર જઈ શકે તે માટે પંડાલના તમામ અવરજવરના માર્ગો પહોળા અને ખુલ્લા રાખવાના રહેશે. આ ઉપરાંત દરેક મંડપમાં ઓછામાં ઓછા બે 'ઈમર્જન્સી એક્ઝિટ' (ઈમરજન્સી બહાર નીકળવાના રસ્તા) રાખવા અનિવાર્ય રહેશે. સુરક્ષાના માપદંડ મુજબ આ બંને એક્ઝિટ ગેટ એકબીજાની સામસામે એટલે કે પરસ્પર વિરુદ્ધ દિશામાં હોવા જરૂરી છે.

## 'નોરતા નગરી' ગરબામાં ₹8-10 કરોડનું ટિકિટ કૌભાંડ!, 4 શખસો સામે નોંધાઈ ફરિયાદ

**અમદાવાદ**

અમદાવાદના સરખેજમાં 'નોરતા નગરી' ગરબાના આયોજકો વચ્ચે કરોડોની ટિકિટ ગેરરીતિની ફરિયાદ નોંધાઈ છે. અર્જુન ભૂતિયાએ દર્શન શાહ સહિત 4 સામે 8થી 10 કરોડના કૌભાંડનો આક્ષેપ કર્યો છે. સ્પોન્સર અને પરિચિતો માટેની કોમ્પ્લિમેન્ટરી ટિકિટોને ગેરકાયદેસર રીતે વેચી મારવામાં આવી હતી. સરખેજ પોલીસે ગુનો નોંધી, ટિકિટ રેકોર્ડ્સ અને બેંક ડિટેલ્સના આધારે તપાસ શરૂ કરી છે. સરખેજ પોલીસ મથકે વર્ષ 2025માં 'નોરતા નગરી' ગરબા મહોત્સવના આયોજનમાં સામેલ ભાગીદારો વચ્ચે કરોડો રૂપિયાની ટિકિટ ગેરરીતિ અંગે ફરિયાદ નોંધાઈ છે. સ્પોન્સર્સ અને પરિચિતો માટે રાખવામાં આવેલી કમ્પ્લિમેન્ટરી ગરબા ટિકિટોને ગેરકાયદે રીતે પેઈડ ટિકિટોમાં રૂપાંતરિત કરીને ઓનલાઈન તથા ઓફલાઈન વેચી મારવામાં આવી હોવાનો આરોપ છે, જેના કારણે અન્ય ભાગીદારોને 8થી 10 કરોડ રૂપિયાનું નાણાકીય નુકસાન થયું છે. ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે કાર્યરત 36 વર્ષીય અર્જુન ભૂતિયા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે સરખેજ પોલીસે પાર્શ્વ જ્વેલર્સના દર્શન શાહ, તેમના મેનેજર જયેશ પરમાર, રવિ શાહ અને સંજય દેસાઈ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદ અનુસાર, અર્જુન ભૂતિયાએ જીગર ચૌહાણ, કૃષ્ણ ગઢવી અને દર્શન શાહ સાથે મળીને 'નોરતા નગરી' ગરબા કાર્યક્રમનું આયોજન કરવાનું નક્કી કર્યું હતું. આ માટે 'એએઆઈ ઈવેન્ટ્સ' (AAI Events)ના નામે નોટરાઈઝ્ડ ભાગીદારી કરાર કરવામાં આવ્યો હતો. દર્શન શાહની ભલામણથી તેના મેનેજર જયેશ પરમારને પણ આ ભાગીદારીમાં સામેલ કરાયા હતા.




આયોજન દરમિયાન નક્કી થયા મુજબ, 'ઝોમેટો' એપના 'ડિસ્ટ્રિક્ટ' પ્લેટફોર્મ દ્વારા ઓનલાઈન અને ઓફલાઈન ટિકિટોનું વેચાણ કરવાનું હતું, જ્યારે દરરોજ આશરે 4,000 જેટલી ટિકિટો સ્પોન્સર્સ અને ઓળખીતાઓ માટે કમ્પ્લિમેન્ટરી તરીકે રાખવાની સંમતિ થઈ હતી.

## દાણીલીમડામાં જાણીતી કંપનીના નામે નકલી સ્લીપર-કપડાં વેચતા વેપારીને ત્યાં દરોડા

### 3 દુકાનોમાંથી રૂ. 5 લાખનો મુદ્દામાલ મળી આવ્યો, કોપીરાઈટ એક્ટ હેઠળ કાર્યવાહી

**અમદાવાદ**

અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારમાં જાણીતી પુમા બ્રાન્ડના ડુપ્લીકેટ સ્લીપર, ટ્રેકપેન્ટ અને ટીશર્ટનું ગેરકાયદે વેચાણ કરતી ત્રણ અલગ-અલગ દુકાનો પર ઝોન -6 એલસીબી અને કંપનીના ઓથોરાઈઝ્ડ પ્રતિનિધિઓએ સંયુક્ત દરોડા પાડ્યા હતા. પોલીસે ત્રણ દુકાનોમાંથી કુલ રૂ. 5.08 લાખની કિંમતનો 476 નંગ ડુપ્લીકેટ મુદ્દામાલ જપ્ત કરી ત્રણ વેપારીઓ સામે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કંપનીના કોપીરાઈટ અને ટ્રેડમાર્કના રક્ષણ માટે સત્તા ધરાવતા પવન પદુમન પલાસરે દાણીલીમડા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ દાણીલીમડા વિસ્તારની કેટલીક



દુકાનોમાં કંપનીના નામનો ગેરકાયદે ઉપયોગ કરી નકલી માલ વેચાતો હોવાની બાતમી મળી હતી. જેના આધારે એલસીબી ઝોન 6ની ટીમ દ્વારા ત્રણ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસે ગુડલક પાર્ટી પ્લોટ પાસે આવેલી બોમ્બે ફૂટવેરમાંથી મોહમદ એહમદ ઉર્ફે જોંટી ગુલામ દસ્તગીર શેખ પાસેથી રૂ. 3.63 લાખના 363 જોડી ડુપ્લીકેટ સ્લીપર જપ્ત કર્યા હતા.

## અમદાવાદમાં શ્રેયસ સ્કૂલના 46% ફી વધારાને FRCનો ઝટકો!

### ફી રેગ્યુલેટરી કમિટીએ 2026-27નો પ્રસ્તાવ ફગાવ્યો – નર્સરીથી ધોરણ 12 સુધી 2025-26ની ફી જ યથાવત

**અમદાવાદ**

અમદાવાદની શ્રેયસ સ્કૂલ દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે સૂચવવામાં આવેલા 46 ટકા ફી વધારાને ફી રેગ્યુલેટરી કમિટી એટલે કે FRC અમદાવાદ ઝોને ફગાવી દીધો છે. કમિટીના નિર્ણયથી વાલીઓને મોટી રાહત મળી છે.

શાળાએ નર્સરીથી ધોરણ-12 સુધીના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે ફીમાં નોંધપાત્ર વધારો કરવાની દરખાસ્ત કરી હતી. પરંતુ FRCએ શાળાના ઓડિટ થયેલા હિસાબો, નાણાકીય રેકોર્ડ્સ તેમજ આઉટરીચ પ્રવૃત્તિઓની તપાસ કર્યા બાદ આ ફી વધારો મંજૂર કર્યો નથી.

શ્રેયસ સ્કૂલ દ્વારા 2026-27 માટે ફીમાં 46 ટકાનો વધારો સૂચવવામાં આવ્યો હતો. ફી વધારાને યોગ્ય ઠેરવવા માટે રજૂ કરવામાં આવેલા નાણાકીય દસ્તાવેજોની FRC દ્વારા તપાસ કરવામાં આવી.



કમિટીએ શાળાના ખર્ચ, આવક, ઓડિટ થયેલા હિસાબો, નાણાકીય રેકોર્ડ્સ અને અન્ય પ્રવૃત્તિઓમાંથી થતી આવકનો અભ્યાસ કર્યો હતો.

તપાસ દરમિયાન FRCના ધ્યાન પર આવ્યું કે સ્કૂલ અને શ્રેયસ ફાઉન્ડેશન સમાન PAN અને GST નંબર ધરાવે છે. FRCની તપાસમાં આઉટરીચ કાર્યક્રમો સાથે જોડાયેલી નાણાકીય બાબત પણ મહત્વપૂર્ણ બની હતી. કમિટીના તારણ મુજબ, આઉટરીચ કાર્યક્રમોમાંથી આશરે 2.5 કરોડનો ચોખ્ખો સરપ્લસ થયો હતો. FRC દ્વારા આ સરપ્લસને શાળાના ખર્ચમાંથી બાદ કરવામાં આવ્યો હતો.

અર્થાત, શાળાએ રજૂ કરેલા કુલ ખર્ચને યથાવત સ્વીકારવાને બદલે કમિટીએ ઉપલબ્ધ આવક અને સરપ્લસને પણ ગણતરીમાં લીધો.

1,754 વિદ્યાર્થીઓ માટે પ્રતિ વિદ્યાર્થી ખર્ચ કેટલો?

ડેવલપમેન્ટ પ્રોવિઝનને ધ્યાનમાં લીધા બાદ FRCએ 1,754 વિદ્યાર્થીઓ માટે શાળાનો વાર્ષિક ખર્ચ પ્રતિ વિદ્યાર્થી આશરે 52,000 ગણાવ્યો હતો.

આ નાણાકીય ગણતરી અને શાળાના રેકોર્ડ્સના વિશ્લેષણના આધારે કમિટીએ સૂચવવામાં આવેલો 46 ટકા ફી વધારો મંજૂર કરવાનો ઈનકાર કર્યો.

પરિણામે 2026-27 માટે નર્સરીથી ધોરણ-12 સુધીના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની ફી 2025-26ના સ્તરે જ યથાવત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## અમદાવાદમાં ટેન્કર માફિયાનો પર્દાફાશ: નરોડા GIDC માંથી 26,630 લિટર ઝેરી કેમિકલ ભરેલું ટેન્કર ઝડપાયું

**અમદાવાદ**

ઔદ્યોગિક વિસ્તાર નરોડા GIDCમાં પર્યાવરણ અને માનવ જિંદગી સાથે ખુલ્લેઆમ ચેડાં કરતા કેમિકલ માફિયાઓ સામે અમદાવાદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ મોટો પ્રહાર કર્યો છે. કોઈ પણ જાતની પરવાનગી વગર ગેરકાયદેસર રીતે એસિડ યુક્ત ઝેરી કેમિકલનો જથ્થો ખાલી કરવા કે નદી-નાળામાં પધરાવવાના કાળા કારોબારનો SOG એ પર્દાફાશ કરીને એક શખ્સની ધરપકડ કરી છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) ની પાસ કે મંજૂરી વગર પસાર થઈ રહેલા આ શંકાસ્પદ ટેન્કરને SOG ની ટીમે નરોડા GIDC વિસ્તારમાંથી આંતરી લીધું હતું. ટેન્કરની તપાસ કરતા તેમાંથી અંદાજે ૨૬,૬૩૦ લિટર જેટલો અત્યંત ઘાતક અને એસિડ યુક્ત કેમિકલનો જથ્થો મળી આવ્યો હતો. આ કેમિકલ જો કોઈ નદી, નાળાં કે ખુલ્લા તળાવમાં છોડવામાં આવ્યું હોત, તો આસપાસના વિસ્તારમાં મોટો વિનાશ સર્જાઈ શક્યો હોત. જળચર સૃષ્ટિનો નાશ થવાની સાથે માનવ વસ્તીના આરોગ્ય સામે પણ ગંભીર સંકટ ઊભું થઈ શકે તેમ હતું. આ ગેરકાયદેસર અને ઘાતક કેમિકલની હેરફેરના મામલે SOG ની ટીમે સ્થળ પરથી કલ્યાણસિંહ રાજપૂત નામના શખ્સની અટકાયત કરી તેની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં આ કેમિકલ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને ક્યાં ખાલી કરવાનું હતું તે અંગે આરોપી કોઈ ચોક્કસ કે કાયદેસરના આધાર-પુરાવા રજૂ કરી શક્યો નહોતો.

## કર્મચારીઓ અને મુસાફરો હેરાન, રેલ મંત્રી સુધી પહોંચી ફરિયાદ

# અમદાવાદ રેલવે મંડળમાં વરિષ્ઠ વાણિજ્ય પ્રબંધક સામે આક્રોશ!!

**અમદાવાદ**

અમદાવાદ રેલવે મંડળના વાણિજ્ય વિભાગમાં હાલમાં ભારે અસંતોષ અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. વરિષ્ઠ વાણિજ્ય મંડળ પ્રબંધક (Senior DCM) અનુ ત્યાગીની કામગીરી અને કથિત મનસ્વી વલણ સામે મંડળના કર્મચારીઓ અને યુનિયનોમાં તીવ્ર વિરોધ ઉઠ્યો છે.

કર્મચારીઓનો આરોપ છે કે અધિકારી પોતાના હોદ્દાનો દુરુપયોગ કરીને કર્મચારીઓનું શ્રમ-શોષણ કરી રહ્યા છે અને વિભાગીય કામગીરી ખોરવાઈ રહી છે. વિવિધ યુનિયનો અને કર્મચારીઓ દ્વારા મંડળ રેલ પ્રબંધક (DRM) તેમજ મહાપ્રબંધક (GM) સ્તરે અનેક રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતાં આખરે આ મામલો દેશના પ્રધાનમંત્રી કાર્યાલય (PMO Portal) અને રેલ મંત્રી સુધી પહોંચાડવામાં આવ્યો છે.

આરોપ છે કે અધિકારી દ્વારા રેલવે કર્મચારીઓને પોતાના અંગત ઘરકામ માટે બળજબરીથી અને જોહુકમીથી બોલાવવામાં આવે છે, જેનાથી કર્મચારીઓમાં ભારે અસંતોષ છે.

આરક્ષણ કેન્દ્ર પર છેલ્લા ત્રણ મહિનાથી મુસાફરો માટે પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી ન હોવાની રજૂઆતો વારંવાર કરાઈ હતી, તેમ છતાં કોઈ સકારાત્મક પગલાં લેવાયા નથી.

વાણિજ્ય વિભાગમાં નિયમોને નેવે મૂકીને કર્મચારીઓની મનસ્વી રીતે બદલીઓ કરવામાં આવતી હોવાનો આરોપ યુનિયનો દ્વારા લગાવવામાં આવ્યો છે.

સિસ્ટમ પર દબાણનો દાવો: કર્મચારીઓમાં એવી ચર્ચા છે કે અધિકારી પોતાની પોસ્ટીંગ અને કૌટુંબિક હોદ્દાનો ભય બતાવીને સ્થાનિક વહીવટને ગાંઠતા નથી, જેના કારણે નીચલા સ્તરના કર્મચારીઓ ખુલ્લેઆમ બોલતા અચકાય છે.

મંડળમાં કામગીરીના વહીવટમાં યોગ્ય પારદર્શિતાનો અભાવ હોવાના અને સામાન્ય કામો માટે પણ મુશ્કેલીઓ ઊભી થતી હોવાના આરોપો સામે આવ્યા છે.

હાલમાં જ વડોદરા ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન વિવિધ રેલવે યુનિયનો દ્વારા દેશના રેલ મંત્રીને રૂબરૂ મળીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન યુનિયનોએ અમદાવાદ મંડળની સ્થિતિ અંગે વિગતવાર માહિતી આપી હતી.

રેલ મંત્રી દ્વારા આ મામલાની ગંભીરતા સમજીને સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી અને તાત્કાલિક ધોરણે મનસ્વી બદલીઓ જેવા મુદ્દાઓ પર અંકુશ લાવવા આશ્વાસન અપાયું હતું.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI